સુવિચાર
દરેક દિવસ સારો ન હોઈ શકે, પરંતુ દરરોજ કંઈક સારું થાય છે...

RNI Reg. GUJGUJ/2010/44893
ચોથી જાગીરનો પડકાર
# મુખ્ય સમાચાર
MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com
સાંધ્ય દૈનિક


મેટોડાની GIDC ફેક્ટરીમાંથી રૂ.૭.૨૦ની ચોરી કરનાર આઠ ઝડપાયા
P-4

Year-16, Issue-40 ■ DATE : 24-05-2025 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દેશમાં ફરી કોરોનાનો કહેરઃ ગુજરાત સહિત અનેક રાજયમાં નવા કેસ નોંધાયા

## કોરોનાનો નવો પ્રકાર JN.1 હવે ધીમે ધીમે ફેલાઈ રહ્યો છેઃ મહારાષ્ટ્રમાં ૩૫ તો ગુજરાતમાં ૧૫ નવા કેસ નોંધાયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં કોવિડ-૧૯ ચેપના કેસ ફરી વધી રહ્યા છે. કોરોનાનો નવો પ્રકાર .૧ હવે ધીમે ધીમે ફેલાઈ રહ્યો છે. દેશભરમાં અત્યાર સુધીમાં કુલ ૨૫૭ સક્રિય કેસ નોંધાયા છે, જેમાં મુંબઈ, દિલ્હી, ગુજરાતના નવા કેસનો સમાવેશ થાય છે. શુક્રવારે મહારાષ્ટ્રમાં કોવિડ-૧૯ના ૪૫ નવા કેસ નોંધાયા હતા, જેમાંથી ૩૫ મુંબઈમાં છે, જે ચિંતાનો વિષય છે. અહીં, દિલ્હીમાં કોરોનાના વધતા કેસોને ધ્યાનમાં રાખીને, દિલ્હી સરકારે એક એડવાઈઝરી જારી કરી છે, જેમાં હોસ્પિટલોને બેડ, ઓક્સિજન, દવાઓ અને રસીઓ તૈયાર રાખવા કહેવામાં આવ્યું છે. આરોગ્ય સંસ્થાઓએ જીનોમ સિક્વન્સિંગ માટે લોકનાયક હોસ્પિટલમાં બધા પોઝિટિવ નમૂનાઓ મોકલવા પડશે.

મહારાષ્ટ્રમાં શુક્રવારે કોવિડ-૧૯ ના ૪૫ નવા કેસ નોંધાયા હતા, જેમાં મુંબઈમાં ૩૫, પુણેમાં ૪, કોલ્હાપુરમાં ૨, રાયગઢમાં ૨ અને થાણે અને લાતુરમાં દરેકનો સમાવેશ થાય છે. જાન્યુઆરીથી, ૬,૮૧૯ સ્વેબ નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું છે, જેમાંથી ૨૧૦ કેસની પુષ્ટિ થઈ છે, જેમાંથી ૧૮૩ મુંબઈના છે. આરોગ્ય અધિકારીઓએ માત્ર મહારાષ્ટ્રમાં જ નહીં, પરંતુ સમગ્ર ભારતમાં અને અન્ય દેશોમાં ચેપમાં છૂટાછવાયા વધારો જોયો છે. જોકે, મહારાષ્ટ્રમાં કોરોનાના વધતા કેસોને ધ્યાનમાં રાખીને, આરોગ્ય મંત્રાલયે પોતાનો પટ્ટો કડક બનાવ્યો છે.

દિલ્હી-એનસીઆરમાં સક્રિય કોરોના દર્દીઓના ચેપના કેસોમાં ઉછાળો આવ્યો છે. દિલ્હીમાં ૨૩ સક્રિય કેસ નોંધાયા પછી, રાજધાનીની આરોગ્ય વ્યવસ્થા ફરીથી એલર્ટ મોડમાં આવી ગઈ છે. તે જ સમયે, ગાઝિયાબાદમાં ૪ નવા કેસોએ પણ ચિંતા વધારી દીધી છે. ગુરુગ્રામમાં, એક વ્યક્તિ ઘરની બહાર પગ પણ નહોતો મૂકતો. તેનો કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નહોતો. છતાં, તે



કોરોના પોઝિટિવ જોવા મળ્યો. ફરીદાબાદમાં પણ કોરોના ફેલાઈ રહ્યો છે. રાજધાનીમાં કોરોનાના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને, દિલ્હી સરકારે તાત્કાલિક એક ખાસ સલાહકાર જારી કર્યો છે. હવે બધી હોસ્પિટલોને એલર્ટ પર રાખવામાં આવી છે.

લાંબા સમય પછી, તાજેતરમાં ગુજરાતમાં કોરોના વાયરસના ચેપના ૧૫ નવા કેસ નોંધાયા છે. અધિકારીઓએ લોકોને ગભરાવાની જરૂર નથી, કારણ કે વાયરસનો નવો પ્રકાર ખૂબ ગંભીર નથી. આરોગ્ય વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે બધા દર્દીઓને તેમના ઘરે સારવાર આપવામાં આવી રહી છે. કોઈને પણ હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર નથી. અધિક નિયામક (જાહેર આરોગ્ય) ડો. નીલમ પટેલે જણાવ્યું હતું કે હાલમાં ગુજરાતમાં કોવિડ-૧૯ ના JN.1 સ્વરૂપના ૧૫ દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે આ પ્રકાર ઓમિક્રોન પ્રકારનો છે. ઓમિક્રોન પ્રકારનો પ્રથમ વખત ઓગસ્ટ ૨૦૨૩ માં નોંધાયો હતો.

દિલ્હી ઉપરાંત ગાઝીયાબાદમાં ચાર, ગુરૂગ્રામમાં ત્રણ તથા ફરીદાબાદમાં બે કેસ નોંધાયા હતા. આરોગ્ય વિભાગે શ્વાસની ગંભીર બિમારી તથા શંકાસ્પદ કેસોના ટેસ્ટ કરવા તથા કર્મચારીઓને નવેસરથી તાલીમ આપવા સુચના આપી હતી.

આરોગ્ય કેન્દ્રો હોસ્પીટલ સંકુલોમાં માસ્ક પહેરવાની સુચના આપી હતી. દિલ્હીમાં ત્રણ વર્ષ બાદ કોરોનાના ૨૩ કેસ નોંધાયા છે.જોકે તમામ દર્દીઓની હાલત સામાન્ય ગણાવવામાં આવી છે.

મુંબઈમાં ચાલુ મહિનામાં કોરોનાના કુલ ૯૫ કેસ થયા છે. સમગ્ર મહારાષ્ટ્રમાં પાંચ માસમાં ૧૨૬ કેસ છે.૯૫ માંથી ૧૬ દર્દીઓને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાયા છે. હરીયાણામાં કોરોનાના નવા ચાર કેસ નોંધાયા હતા. આ સિવાય તેલંગાણાના હૈદરાબાદમાં કોરોનાનો એક કેસ નોંધાયો હતો.

કર્ણાટકમાં કોરોનાના કેસોમાં ધીમી ગતિએ વધારો થઈ રહ્યો છે. હવે એક નવ માસના બાળકને કોરોના હોવાનો રીપોર્ટ આવતા રાજયમાં એક્ટીવ કેસોની સંખ્યા ૩૫ પર પહોંચી છે. રાજય સરકારે લોકોને સાવચેતી રાખવાની સલાહ આપી છે.

# ૧૬ વર્ષમાં પહેલી વખત ચોમાસું વહેલુંઃ કેરળમાં ૮ દિવસ વરસાદની એન્ટ્રી વહેલી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હવામાન વિભાગના અહેવાલ અનુસાર કેરળમાં આજે સત્તાવાર રીતે ચોમાસાની એન્ટ્રી થઈ ચૂકી છે. જે તેના નક્કી સમય એટલે કે ૧ જૂનથી આશરે એક અઠવાડિયા વહેલું કેરળ આવી પહોંચ્યું છે. આ સાથે ૧૬ વર્ષમાં પહેલીવાર કેરળમાં ચોમાસાનું આગમન વહેલું થયું છે. આગામી સાત દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ચોમાસાના આગમન માટે તમામ અનુકૂળ પરિસ્થિતિઓ બની હતી. ઓછા દબાણવાળા વિસ્તાર અને આગળ વધતા ચોમાસાની સિસ્ટમના કારણે ગત બે દિવસમાં કેરળના અનેક ભાગમાં ભારે વરસાદ પણ નોંધાયો હતો. આ પહેલાં ૨૦૦૯ અને ૨૦૦૧માં આટલું વહેલા ચોમાસું આવ્યું હતું, જ્યારે તે ૨૩ મેના દિવસે રાજ્યમાં પહોંચ્યું હતું.

હવામાન વિભાગના જણાવ્યાનુસાર કેરળમાં ચોમાસાના આગમનની સામાન્ય તારીખ ૧ જૂન છે. જો કે, આઠ દિવસ પહેલાં જ ચોમાસાનું આગમન થઈ ગયું છે. આ સાથે તે ૧૬ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે. અગાઉ ૧૯૧૮માં રાજ્યમાં ૧૧ મેના દિવસે જ ચોમાસાની શરૂઆત થઈ હતી. બીજી બાજુ, સૌથી મોડા ચોમાસાનું આગમન ૧૯૭૨માં નોંધાયેલું છે, જ્યારે ચોમાસાનો પહેલો વરસાદ ૧૮ જૂનથી શરૂ થયો હતો. છેલ્લાં ૨૫ વર્ષમાં સૌથી વધારે મોડું ચોમાસાનું આગમન ૨૦૧૬માં થયું હતું.

IMDની આગાહી અનુસાર, આ વર્ષે ચોમાસું આવવાની સંભાવના ૨૭ મેની ડેડલાઇનની અંદર હતી, જેમાં ચાર દિવસનું મૉડલ એરર માર્જિન ચાલતું હતું. ગત વર્ષે ચોમાસાએ કેરળમાં ૩૦ મેના દિવસે આગમન કર્યું હતું. ચોમાસાનું સમયસર આગમન ભારત માટે એક મહત્ત્વપૂર્ણ પરિબળ છે, જ્યાં વાર્ષિક વરસાદનો લગભગ ૭૦% જૂન-સપ્ટેમ્બરના સમયગાળા દરમિયાન થાય છે.

સિંચાઈ, ભૂગર્ભજળ અને જળાશયોને ફરીથી ભરવા માટે ચોમાસાનો વરસાદ મહત્ત્વપૂર્ણ છે અને તેની સીધી અસર દેશના કૃષિ ઉત્પાદન અને ગ્રામીણ અર્થતંત્ર પર પડે છે. IMDએ ૨૦૨૫ માટે સરેરાશ કરતાં વધુ ચોમાસાના વરસાદની આગાહી કરી છે, જેનાથી ખરીફ સિઝનના પાકમાં રેકોર્ડ ઉત્પાદનની અપેક્ષા છે. ઉત્પાદન વધવાથી ગ્રામીણ આવક વધશે, ખાદ્ય સુરક્ષા વધશે અને દેશના આર્થિક વિકાસમાં કૃષિ ક્ષેત્રનો ફાળો વધશે. વહેલા વરસાદથી ડાંગર, મકાઈ, કપાસ, સોયાબીન અને તેલીબિયાંના વાવેતરને વેગ મળવાની અને રવિ સિઝન પહેલા જળાશયોના પાણીના સ્તરમાં વધારો થવાની આશા છે.

IMDએ આગાહી કરી છે કે, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું દક્ષિણ અને મધ્ય અરબી સમુદ્ર, માલદીવ અને કોમોરિન વિસ્તાર, લક્ષદ્વીપના કેટલાક ભાગો, કર્ણાટક, તમિલનાડુ, દક્ષિણ અને મધ્ય બંગાળની ખાડી, ઉત્તર બંગાળની ખાડી અને ઉત્તરપૂર્વીય રાજ્યોના કેટલાક ભાગોમાં આ જ સમયગાળા દરમિયાન આગળ વધશે. જેની સમાંતર, દક્ષિણ કોંકણ-ગોવા કિનારાથી દૂર પૂર્વ મધ્ય અરબી સમુદ્ર પર એક ઓછા દબાણવાળી હવામાન પ્રણાલીની જાણ કરવામાં આવી છે. આ લૉ પ્રેશર સર્જાતા આગામી ૩૬ કલાકમાં ઉત્તર તરફ આગળ વધતાં વધુ મજબૂત બની શકે છે અને સ્થાનિક હવામાન પેટર્નને પ્રભાવિત કરી શકે છે, જેના કારણે પશ્ચિમ કિનારાના ભાગોમાં વરસાદ અને પવનમાં ફેરફાર થઈ શકે છે.

# હીરા ઉદ્યોગમાં મંદી વચ્ચે રત્નકલાકારોને રાહત

## રાજ્ય સરકાર રત્નકલાકારના સંતાનની એક વર્ષની શિક્ષણ ફીમાં વધુમાં વધુ ૧૩૫૦૦ સુધીની રકમ માફ કરશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતનું સુરત શહેર પોતાના હીરા ઉદ્યોગ માટે જાણીતું છે. પરંતુ છેલ્લાં અનેક વર્ષોથી ચાલી રહેલી સતત મંદીના કારણે તે ઠપ્પ પડી ગયું છે. આ સિવાય અનેક રત્ન કલાકારોએ આર્થિક સંકડામણના કારણે મોતને વ્હાલું કર્યું હતું. રત્નકલાકારોના અનેક પ્રશ્નોને ધ્યાને લઈ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૧ માર્ચે ઑલ ગુજરાત ડાયમંડ એસોસિએશનના હોદ્દેદારો સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં રત્નકલાકારોના હિતમાં નિર્ણય લેવાની જાહેરાત કરવામાં આવી હતી. જોકે, બેઠકના ૭૪ દિવસ બાદ શનિવારે (૨૪ મે) આ વિશે નિર્ણય લેવાયો છે. જેમાં રાજ્ય સરકારે રત્નકલાકારોના હિત માટે વિવિધ સહાય યોજનાની જાહેરાત કરી છે.



રાજ્ય સરકારે રત્નકલાકારો માટે સહાય યોજના બનાવી છે, જેની જાહેરાત શનિવારે (૨૪ મે) ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, વન અને પર્યાવરણ મંત્રી મુકેશ પટેલ, રાજ્યના શિક્ષણ મંત્રી પ્રફૂલ પાનસેરિયાએ કરી હતી. આ યોજના હેઠળ, રાજ્ય સરકાર રત્નકલાકારના સંતાનની એક વર્ષની શિક્ષણ ફીમાં વધુમાં વધુ ૧૩૫૦૦ સુધીની રકમ માફ કરશે. સરકાર દ્વારા મારફતે આ રકમ ટ્રાન્સફર કરવામાં આવશે. આ સિવાય વીજ ડ્યુટીમાં પણ એક વર્ષની રાહત આપવામાં આવશે. તેમજ, ૫ વાખની લોન ઉપર ૯ ટકાની ત્રણ વર્ષ સુધી વ્યાજ સહાય આપવામાં આવશે.

નોંધનીય છે કે, આ રાહતનો લાભ એવા રત્નકલાકારોને જ મળશે, જેને ૩૧ માર્ચ ૨૦૨૪થી કામ ન મળ્યું હોય અને તેમને કારખાનામાંથી છૂટા કરી દેવામાં આવ્યા હોય. આ સિવાય, તેમણે રત્નકલાકાર તરીકે સતત ૩ વર્ષ સુધી કામ કર્યું હોવું જોઈએ.

ડાયમંડ સીટી સુરત શહેરમાં રત્નકલાકારોની કફોડી બનેલી આર્થિક સ્થિતિ વચ્ચે સરકારમાં રજૂઆતો કરવા છતા કોઈ નિવેડો ન આવતા ડાયમંડ વર્કર યુનિયન દ્વારા ૩૦મી માર્ચે સામુહિક હડતાળની જાહેરાત કરવામાં આવી હતી.. જેને પગલે કલેક્ટર અને લેબર વિભાગે બેઠકો યોજી હતી, પણ સરકાર તરફથી બાદમાં કોઈ નિર્ણય નહીં લેવાતા ૩૦, ૩૧ માર્ચ એમ બે દિવસ હડતાળ કરવામાં આવી હતી.

# કચ્છમાંથી સહદેવસિંહ ગોહિલ નામના જાસૂસની ધરપકડઃ પાકિસ્તાની એજન્ટને મોકલતો હતો ગુપ્ત માહિતી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પાકિસ્તાન માટે જાસૂસીના આરોપમાં હરિયાણાની યૂટ્યૂબર જ્યોતિ મલ્હોત્રાની ધરપકડ બાદ દેશભરમાં સુરક્ષા એજન્સીઓ એલર્ટ મોડમાં આવી ગઇ છે. તાજેતરમાં ગુજરાત એટીએસે નડિયાદથી બે શંકાસ્પદ સાયબર ટેરરિસ્ટની ધરપકડ કર્યા બાદ ગુજરાત એટીએસ (ATS) એ કચ્છમાંથી સહદેવસિંહ દીપુભા ગોહિલ નામના એક જાસૂસની ધરપકડ કરી છે. તે કચ્છના દયાપરમાં મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર તરીકે કરાર (કોન્ટ્રાક્ટ) પર કામ કરતો હતો.

પોલીસને બાતમી મળી હતી કે, આ હેલ્થ વર્કર પાકિસ્તાની એજન્ટને BSF અને ભારતીય નેવીની કેટલીક ગોપનીય માહિતી શેર કરે છે. પોલીસે વોચ ગોઠવી હતી અને તેના માટે એક ટીમ બનાવી હતી. સહદેવસિંહ પર શંકા પાકી થતાં તેને ૧ મેના રોજ પ્રાથમિક તપાસ માટે એટીએસએ બોલાવ્યો હતો.

વર્ષ ૨૦૨૩ના જૂન-જુલાઈમાં સહદેવસિંહ અદિતિ ભારદ્વાજ નામની એક યુવતી સાથે વોટ્સએપથી સંપર્કમાં આવ્યો હતો, જે એક પાકિસ્તાની એજન્ટ છે. અદિતિએ સહદેવને કેટલાક ટાસ્ક આપ્યા હતા, જેમાં સહદેવના વિસ્તારમાં ભારતીય નેવી અને ની ઈમારતોના ચાલી રહેલા બાંધકામ અને નવા થયેલા બાંધકામના ફોટા અને વીડિયો માગ્યા હતા, જે સહદેવે અદિતિને વોટ્સએપથી મોકલ્યા હતા.

સહદેવે પોતાના આધારકાર્ડથી એક સીમ કાર્ડ લઈ, તે નંબર પર વોટ્સએપ એક્ટિવેટ કરી OTP (વન ટાઈમ પાસવર્ડ) દ્વારા અદિતિને આપ્યું હતું. તે નંબર પર બંને સંપર્કમાં હતા અને સહદેવ બધી માહિતી તે નંબર પર શેર કરતો હતો. સહદેવે ત્રણ-ચાર વીડિયો અને ફોટો શેર કર્યા હતા, કેટલાક ડિલીટ કર્યા છે જેને રિકવર કરવાની કાર્યવાહી ચાલી રહી છે. સહદેવે એકથી દોઢ વર્ષ પહેલાંથી જાસૂસીનું આ કામ શરૂ કર્યું હતું. આ કામ માટે તેને એક વખત ૪૦ હજાર રૂપિયા રોકડા મળ્યા હોવાની પણ માહિતી મળી છે. પ્રાથમિક તપાસમાં અદિતિ સહિતના બે નંબર પાકિસ્તાનમાં ઉપયોગમાં લેવાયા હોવાનો ખુલાસો થયો છે. હાલ એટીએસએ પાકિસ્તાની એજન્ટ અદિતિ અને સહદેવ સામે કેસ દાખલ કર્યો છે.

મહત્વનું છે કે આ અગાઉ પોરબંદરમાં પણ જાસૂસીનો જે કેસ સામે આવ્યો હતો તેની કાર્યપદ્ધતિ (મોડસ ઓપરેન્ડી - ) પણ આવી જ હતી. એ કેસમાં જે યુવતી હતી તે આજ છે કે નહીં તેની માહિતી નથી મળી.

# ગ્રાહકોને કોઈ મુશ્કેલી ન થાય તે માટે ખાસ સીસ્ટમ અપનાવવા બેંકોને નાણામંત્રાલયની તાકીદ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ટેકનોલોજીના યુગમાં બેંકોમાં ઓનલાઈન વ્યવહારોનું ચલણ ઘણુ વધી ગયુ છે. છતાં ગ્રાહકો સાથે સ્ટાફના ગેરવર્તનની ફરિયાદો આપતી ન હોવાના મુદ્દે સરકાર દ્વારા બેંકોની ઝાટકણી કાઢવામાં આવી હતી અને વ્યવહાર સુધારવાની ખાસ તાકીદ કરવામાં આવી હતી.

કેન્દ્રીય નાણાં મંત્રાલયના સુત્રોએ કહ્યું કે બેંકોનાં સ્ટાફ દ્વારા ગ્રાહકો સાથે ગેરવર્તનની વ્યાપક ફરિયાદો આવતી હોવાથી ગ્રાહકોને કોઈ મુશ્કેલી ન થાય તે માટે ખાસ સીસ્ટમ અપનાવવા બેંકોને કહેવામાં આવ્યું છે.

નાણા મંત્રાલય હેઠળનાં ડીપાર્ટમેન્ટ ઓફ ફાયનાન્સીયલ




સર્વીસ દ્વારા જાહેર ક્ષેત્રની તમામ બેંકોનાં વડાઓને ગ્રાહકો સાથે સ્ટાફના વ્યવહાર સબંધી ગાઈડ લાઈનનુ ચુસ્ત રીતે પાલન કરવા તથા કોઈપણ જાતનું ગેરવર્તન ન થાય તે જોવા તાકીદ કરવામાં આવી હતી.

ફાઈનાન્સીયલ સર્વીસ વિભાગનાં સચીવ એમ.નાગરાજુએ તમામ બ્રાંચોનાં વડાઓનાં પરફોર્મન્સની પણ નિયમીત સમીક્ષા કરવા સુચવ્યુ હતું બેંક બ્રાંચની જાળવણી સ્વસ્થતા તથા સ્ટાફના ગ્રાહકો સાથેનાં વ્યવહાર સહિતના પાસાઓને સમીક્ષામાં આવરી લેવાની સુચના આપવામાં આવી હતી.

ડીજીટલ યુગમાં ગ્રાહકોનું બેંકોમાં રૂબરૂ જવાનું પ્રમાણ ઘણુ ઓછુ થઈ ગયુ હોવા છતાં સ્ટાપનાં ઉધ્ધતાઈભર્યા વર્તન, ગ્રાહકોને ધક્કા ખવડાવવા, કામમાં ઢીલ સહીતની ફરિયાદો વખતોવખત થતી હોય છે. તાજેતરમાં સ્ટાફ-ગ્રાહકની તકરારનો એક વીડીયો પણ વાયરલ થયો હતો. તેના પરથી સંજ્ઞાન લઈને નાણા મંત્રાલયે આ સુચના જારી કર્યાનું મનાય છે.

# પાકિસ્તાન હવે તેની ૭૫ વર્ષની જીંદગી પુરી કરી ચૂકયુ છેઃ યોગી આદિત્યનાથ



**મુખ્ય સમાચાર, અયોધ્યા**

ઉતરપ્રદેશનાં સીએમ યોગી આદિત્યનાથે આજે પાકિસ્તાન પર ફટકાર લગાવી હતી. પાકિસ્તાન હવે તેની ૭૫ વર્ષની જીંદગી પુરી કરી ચૂકયુ છે. હવે તેનો મરવાનો સમય આવી ગયો છે.

મુખ્યમંત્રી યોગીએ આજે હનુમાનમઢીમા હનુમંત કથા મંડપનાં લોકાર્પણ સમારોહમાં સંબોધન દરમ્યાન ઉપરોકત વાત કરી હતી. યોગીએ વધુમાં જણાવ્યું હતું કે પાકિસ્તાનને તેના કર્મોની સજા મળશે. હવે તેના ખતમ થવાનો સમય આવી ગયો છે.

યોગીએ કહ્યું હતું કે, આ નવુ ભારત છે. જે કોઈને છેડતુ નથી અને કોઈ તેને છેડે છે તો તેને છોડતુ પણ નથી. યોગીએ જણાવ્યું હતું કે આતંકવાદીઓએ ૨૬ નિર્દોષ નાગરીકોને માર્યા.

તો ભારતીય સેનાએ ૧૨૪ આતંકીઓનો ખાતમો બોલાવ્યો. આપણા એક પૂજય સંતે ભવિષ્યવાણી કરી હતી કે પાકિસ્તાન ખતમ થઈ જશે. પાકિસ્તાનને તેના કર્મોની સજા મળશે.

# બેંકોમાં મુકાતી થાપણનો વૃદ્ધિદર ધીમો પડયોઃ ૬.૭૧ ટકાના સ્તરે પહોંચ્યો

## બેંકોના ઓછા વ્યાજ સામે મ્યુચ્યુઅલ ફંડ - શેર - સોનામાં ઠલવાતી બચત

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં હોમલોન લેનારાની સંખ્યામાં ઘટાડાની સાથોસાથ બેંકોમાં મુકાતી થાપણનો વૃદ્ધિદર પણ ધીમો પડયો છે. ઈન્વેસ્ટરો રોકાણના અન્ય વિકલ્પો તરફ આકર્ષિત થયા હોવાથી બેંકોનો ડીપોઝીટ વૃદ્ધિદર છ માસના નીચા સ્તરે આવી ગયો છે.

અમદાવાદમાં યોજાયેલી સ્ટેટ લેવલ બેંકસ કમીટીમાં પેશ થયેલા રિપોર્ટ મુજબ નાણાંકીય વર્ષ ૨૦૨૫માં બેંક ડીપોઝીટ વૃદ્ધિદર ૬.૭૧ ટકાના સ્તરે નીચે આવી ગયો




છે તે ગત વર્ષે ૧૫.૪ ટકા હતો. ગુજરાતીઓ બેંકોમાં થાપણ મુકવાના બદલે રોકાણના અન્ય વિકલ્પો તરફ ઢળી ગયાનુ મનાય છે.

પરંપરાગત ફીકસ્ડ કે રિકરીંગ ડીપોઝીટને બદલે મ્યુચ્યુઅલ ફંડોમાં એસઆઈપી, શેરબજારમાં સીધા રોકાણ અથવા સોના-ચાંદી જેવા રોકાણ પસંદ કરવા લાગ્યા છે.

કમીટીના અધિકારીએ કહ્યું કે શેરબજારમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન ધરખમ રિટર્ન મળ્યુ છે અને તેને કારણે સંપતિ સર્જન માટે લોકોની માનસિકતામાં બદલાવ છે. આ કારણે બેંક ડિપોઝીટ પર મળતા વ્યાજ તરફ કોઈ ખાસ આકર્ષણ રહ્યુ નથી.

૩૧ માર્ચ ૨૦૨૫ની સ્થિતિએ ગુજરાતની બંકોમાં કુલ ડિપોઝીટ ૧૩.૨૬ લાખ કરોડ હતી જે એક વર્ષ અગાઉ ૧૨.૪૨ લાખ કરોડ હતી. અર્થતંત્રના વધતા વ્યાપને ધ્યાને લેતા આ વૃદ્ધિદર સાવ મામુલી ગણી શકાય તેમ છે.

ગુજરાતમાં આ પુર્વે નાણાંકીય વર્ષ ૨૦૧૯માં ૫.૨ ટકાનો સૌથી મામુલી ડિપોઝીટ વૃદ્ધિદર જોવાયો હતો. ખાનગી ક્ષેત્રની બેંકોમાં પણ ડિપોઝીટ વૃદ્ધિદર ઘટીને ૬.૩૬ ટકા જ રહ્યો છે.

નાણાંકીય વર્ષના અંતિમ ત્રિમાસિક ગાળામાં લીકવીડીટીની સમસ્યા જોવા મળી હતી. આ સમય દરમ્યાન શેરબજારમાં મંદીરૂપી કરેકશન સર્જાતા આ સ્થિતિ સર્જાઈ હતી. આ વખતે માત્ર લોકો ફરી બેંક ડિપોઝીટ પરત પાછા વળ્યા હતા.

ખાનગી બેંકના સીનીયર અધિકારીએ કહ્યું કે, અત્યંત સુરક્ષિત રોકાણ પસંદ કરતા ઈન્વેસ્ટરો પણ અમુક અંશે બેંક ડિપોઝીટને બદલે ઉંચુ રિટર્ન આપતા સોનામાં રોકાણ કરવા તરફ આકર્ષિત થયાનુ મનાય છે.

થાપણ વૃદ્ધિદર ઘટવાની સાથોસાથ ધિરાણમાં કોઈ વધારો ન હોવાથી બેંકો પણ ચિંતામાં છે. એમએસએમઈ, કૃષિ જેવા પ્રાયોરિટી સેકટરમાં ધિરાણ દર સ્થિર અથવા ધીમો પડયો હોવાનુ જણાવ્યુ હતું.

બેઠકમાં લોકોને બેંક ડિપોઝીટ તરફ આકર્ષિત કરવા માટે રણનીતિ ઘડવાની જરૂરિયાત પર પણ ભાર મુકવામાં આવ્યો હતો.

# મોરબી મહાનગરપાલિકાની અગ્નિશમન શાખાએ ફાયર પ્રિવેન્શન ટ્રેનિંગ તથા ફાયર લેડર-ડ્રીલ યોજી



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની અગ્નિશમન શાખાએ ૧૩થી ૧૯ મે, ૨૦૨૫ દરમિયાન ૭ હૉસ્પિટલ અને ૪ હોટલમાં ફાયર સેફ્ટીની ટ્રેનિંગ આપી હતી. આ ઉપરાંત વિવિધ પ્રકારની બિલ્ડિંગોમાં ફાયર સેફ્ટી ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું અને ફાયર લેડર ડ્રીલનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. મોરબી મહાનગરપાલિકાની અગ્નિશમન શાખા દ્વારા તા. ૧૩/૦૫ થી ૧૯/૦૫ દરમિયાન ફાયર પ્રિવેન્શનના ભાગરૂપે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યુ હતું. શહેરની ૭ હોસ્પિટલોમાં ૨૮ સ્ટાફને અને ૪ હોટલોમાં ૪૨ સ્ટાફને અગ્નિસુરક્ષા અંગે તાલીમ આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન ફાયર સાધનોના યોગ્ય ઉપયોગ, ઈમરજન્સી સમયે પ્રક્રિયાઓ અને આગ લાગ્યાની પરિસ્થિતિમાં કેવી રીતે પ્રતિસાદ આપવો તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, મહાનગરપાલિકાની ટીમે હોટલ, સમાજવાડી તથા કોમ્પ્લેક્ષ જેવી બિલ્ડિંગોમાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટ ચેક કર્યા હતા અને ફાયર NOC ન ધરાવતી બિલ્ડિંગોને નોટિસ ફટકારી હતી. આ સાથે તા. ૧૪/૦૫ ના રોજ મોરબી મહાનગરપાલિકા ખાતે ફાયર એન્ડ ઈમરજન્સી સ્ટાફ દ્વારા ફાયર લેડર ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડ્રિલનો મુખ્ય હેતુ કોઈ પણ આકસ્મિક પરિસ્થિતિ સામે ફાયર સ્ટાફ તૈયાર છે કે કેમ તેની ચકાસણી કરવાનો હતો. આ લેડર રેસ્ક્યુ મૉક ડ્રિલ દ્વારા ઉચ્ચ બિલ્ડિંગમાંથી લોકોને સુરક્ષિત બહાર કાઢવાની રીત પ્રદર્શિત કરવામાં આવી હતી. ઉપરોક્ત આ પ્રકારની કામગીરીનો મુખ્ય ઉદ્દેશ લોકોને ફાયર સેફ્ટી અંગે જાગૃત કરવો, સલામતીના સાધનોનો યોગ્ય ઉપયોગ શીખવાડવો અને આપત્તિના સમયે જાન-માલની હાનિ અટકાવાનો છે. વધુમાં મોરબી મહાનગરપાલિકા દ્વારા જણાવવામાં આવ્યું છે કે આગ લાગવાના કિસ્સામાં તાત્કાલિક મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસને ૦૨૮૨૨ ૨૩૦૦૫૦ અથવા ૧૦૧ પર સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે.

# મોરબીના લક્ષ્મીનગર પાસે અજાણી લાશ મળી; ઓળખ મેળવવા પોલીસ દ્વારા તજવીજ હાથ ધરાઈ

## મરનાર વિશે કોઈ માહિતી મળે તો મોરબી તાલુકા પોસ્ટે ટે.નં-૦૨૮૨૨-૨૪૨૫૯૨ ઉપર સંપર્ક કરવો



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકા પોલીસ સ્ટેશનની નોંધ અનુસાર મરણ જનાર અજાણ્યો પુરૂષ ઉવ-૩૦ થી ૪૦ (સફેદ રંગનો ડીઝાઇન વાળો શર્ટ તથા બ્લુ રંગનુ જીન્સનુ પેન્ટ પહેરેલ છે) જે તા.૨૧/૦૫ /૨૦૨૫ ના કલાક-૧૩/૨૦ પહેલા કોઇ પણ વખતે મોરબી તાલુકાના રવીરાજ ચોકડી પાસે રતનસીભાઇ કરમશીભાઇ વિસોડીયા રહે લક્ષ્મીનગર તા.જી મોરબીવાળાના ખેતરના શેઢા પાસે બાવળ નીચે મરણ ગયેલ હાલતમા લાશ મળી આવતા બનાવ સ્થળે ઈન્કવેસ્ટ કાગળો કરી પોસ્ટમોર્ટમ માટે પ્રથમ મોરબી સરકારી હોસ્પીટલ ખાતે તા-૨૧/૦૫/૨૦૨૫ ના પી.એમ કરવામાં આવેલ છે.

આ મરણજનાર વ્યક્તિ વિશે કોઈ માહિતી મળે તો તપાસ કરનાર - સી.કે.પઢીયાર પો.હેડ.કોન્સ. મો.નં-૯૭૨૩૩ ૩૪૪૯૭ અથવા મોરબી તાલુકા પોસ્ટે ટે.નં-૦૨૮૨૨-૨૪૨૫૯૨ ઉપર સંપર્ક કરવા મોરબી તાલુકા પોલીસ સ્ટેશનની યાદીમાં જણાવાયું છે.

# પહેલગામ હુમલાના પગલે દરિયાકાંઠે સઘન સુરક્ષા



## પોલીસ અને ફિશરીઝ વિભાગ સતર્ક, બોટ અને માછીમારોનું સઘન ચેકિંગ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના દરીયામા તથા દરીયા કાઠાના વિસ્તારમા પેટ્રોલીંગ.તાજેતરમા પહેલગામ ખાતે થયેલ આતંકવાદી હુમલા અનુસંધાને ભવિષ્યમા કોઈ આતંકવાદી ઘટના ન બને કે બનતી અટકાવી શકાય તે માટે જામનગર જિલ્લામા આવેલ દરીયાર વિસ્તારના પોલીસ સ્ટેશનો પંચકોષી ''એ'' ડીવી. પો.સ્ટે., જોડીયા પો.સ્ટે., બેડી મરીન પો.સ્ટે. સિક્કા પો.સ્ટે. દ્વારા ફિશરીઝ વિભાગને સાથે રાખી ઉપરોક્ત પો.સ્ટે.મા આવેલ બંદરો, તથા જ્યાથી માચ્છીમારી કરવા માટે બોટો દરીયામા જાય છે તેવા સ્થળોએ બોટના દસ્તાવેજી કાગળો ચેક કરી તેના માલીકો, ટંડેલ, ખલાસીઓની માહિતી ચેક કરવાની કામગીરી શરૂ કરવામા આવેલ છે તેમજ જે બોટોનુ રજીસ્ટ્રેશ થયેલ નથી તેવી બોટોને અલગ તારવી તેનુ ફિશરીઝ વિભાગ દ્વારા રજીસ્ટ્રેશ કરાવવાની કામગીરી શરૂ કરવામા આવેલ છે તેમજ જે બોટો કંડમ થઈ ગયેલ છે તે બોટોને બંદરો ખાતે અલગ જગ્યાએ પાર્કિંગ કરવાવા માટે સૂચનાઓ આપવામા આવેલ છે, તેમજ જામનગર જિલ્લાના દરીયામા તથા દરીયા કાઠાના વિસ્તારમા પેટ્રોલીંગ ફરી દરીયા કાઠા વિસ્તારના ગામોના લોકોને તથા મચ્છીમારોને કોઈ શંકાસ્પદ બોટ કે શંકાસ્પદ ઈસમો કે શંકાસ્પદ હિલચાલ ધ્યાને આવે તો તરત જ નજીકના પોલીસ સ્ટેશનમા કે પોલીસ કંટ્રોલ રૂમમા જાણ કરવા સૂચના કરવામા આવેલ છે.

# મોરબી યંગ ઈન્ડિયા ગ્રુપના મેન્ટોર દેવેન રબારીએ દીકરીના જન્મદિવસની 'આપવાના આનંદ' હેઠળ ઉજવણી કરી

## ઝૂંપડપટ્ટી વિસ્તારમાં પૌષ્ટિક ભોજન અને સ્વાસ્થ્ય કીટ વિતરણ કરીને જન્મદિવસ અને લગ્ન વર્ષગાંઠની પ્રેરણાદાયી ઉજવણી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના યંગ ઈન્ડિયા ગ્રુપના મેન્ટોર દેવેનભાઈ રબારીએ તેમની દીકરી મનસ્વીનો જન્મદિવસ અને પોતાની લગ્નની વર્ષગાંઠના અવસરે 'આપવાનો આનંદ' સંકલ્પ સાથે પ્રેરણાદાયી ઉજવણી કરી હતી. તેમણે ઝૂંપડપટ્ટી અને પછાત વિસ્તારોના બાળકોને પૌષ્ટિક ભોજન અને સ્વાસ્થ્ય કીટ આપીને પ્રસંગને સેવા અને પ્રેમ સાથે ઉજવ્યો હતો.

મોરબીની સામાજિક સંસ્થા યંગ ઈન્ડિયા ગ્રુપ પોતાના સેવાકીય કાર્યો અને વિશિષ્ટ ઉજવણી પદ્ધતિઓ માટે જાણીતી છે. આ સંસ્થાના મેન્ટોર અને સ્થાપક દેવેનભાઈ રબારીએ એક અનોખી પહેલ કરીને દીકરીના જન્મદિવસ અને પોતાની લગ્નની વર્ષગાંઠની અનોખી ઉજવણી કરી શ્રેષ્ઠ ઉદાહરણ આપ્યું હતું. તેઓ માટે આજે ખાસ દિવસ હતો જેમાં એક તરફ પુત્રી મનસ્વીનો જન્મદિવસ અને બીજી તરફ પોતાનું લગ્નની વર્ષગાંઠ. જ્યાં મોટાભાગના લોકો પાર્ટી અથવા ભેટની માગણી કરતા હોય છે, ત્યાં દેવેનભાઈએ 'આપવાનો આનંદ' સંકલ્પ હેઠળ ઉજવણી કરી હતી. યંગ ઈન્ડિયા ગ્રુપની વર્ષોથી ચાલી આવતી પરંપરા અનુસાર આ અવસરે મોરબીના ઝૂંપડપટ્ટી અને પછાત વિસ્તારોના બાળકો માટે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બાળકોને સ્વાસ્થ્ય જાળવવા જરૂરી કીટ આપવામાં આવી જેમાં સાબુ, હેન્ડવોશ, કાન સાફ કરવાની સ્ટિક, તેલ, રૂમાલ, નખકાપવાનું કટર વગેરે સામેલ હતા. સાથે જ બાળકોને રસપુરી સહિતનું પૌષ્ટિક ભોજન પણ કરાવવામાં આવ્યું હતું, જેથી તેમને ભોજનનો આનંદ માણ્યો હતો.

આ તકે દેવેનભાઈ રબારીએ જણાવ્યું કે, 'આ બાળકો ઈશ્વરની જેમ છે, તેમને ખુશ કરીને જે આશીર્વાદ મળે એ અમારાં માટે સૌથી મોટી ભેટ છે. આ દિવસ મારા માટે યાદગાર બની રહેશે.' તેમણે અન્ય લોકોને પણ આ પ્રકારની ઉજવણી માટે પ્રોત્સાહિત કરતાં ઉમેર્યું હતું કે, જન્મદિવસે કે વિશેષ અવસરે આપણી ખુશી બીજાઓને આપી શકો તો એ જ સાચી ઉજવણી ગણાય.

# મોરબીમાં રબારી સમાજ દ્વારા ૪૨ દીકરીઓનો ભવ્ય સમૂહ લગ્નોત્સવઃ ૧૫ હજાર મહેમાનો, પરંપરાગત સામૈયું અને સંગીતમય રાસ સાથે અનોખું આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના લીલાપર ખાતે શ્રી વડવાળા યુવા સંગઠન દ્વારા ૨૫ મેના રોજ રબારી સમાજની ૪૨ દીકરીઓના ભવ્ય સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. ઉંટ-બળદગાડા, ઘોડા, નાસિક ઢોલ સાથે પરંપરાગત સામૈયું યોજાશે. ૧૫ હજારથી વધુ મહેમાનોની ઉપસ્થિતિમાં સંતો, રાજકીય આગેવાનો અને લોકગાયકોમાં મેળાવડા સાથે ભવ્ય ચતુર્થ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે જ પર્યાવરણ જાગૃતિ હેઠળ દરેક યુગલના ગામમાં ૧૦૦ વૃક્ષ વાવી અને મહેમાનોને બોન્સાઇ વડ ભેટરૂપે આપવામાં આવશે.

મોરબી મચ્છુકાંઠા હાલાર રબારી સમાજની ગૌરવસભર પરંપરાને જીવંત રાખવા માટે શ્રી વડવાળા યુવા સંગઠન દ્વારા મોરબીના લીલાપર-કેનાલ રોડ ઉપર આવેલ ઉમિયા નવરાત્રી ગ્રાઉન્ડ ખાતે ૨૫ મે, રવિવારના રોજ ચતુર્થ ભવ્ય સમૂહલગ્નનું આયોજન કરાયું છે. જેમાં રબારી સમાજની ૪૨ દીકરીઓને ભાતીગળ રીતરિવાજ સાથે પિયરથી સાસરે વિદાય આપવામાં આવશે. આ પહેલા રવાપર રોડ ખાતેથી ભવ્ય સામૈયું નીકળશે જેમાં ઊંટ, બળદગાડા, ઘોડા અને પરંપરાગત વસ્ત્રો પહેરી રબારી સમાજના લોકો રાસ, ટીટોડા અને હુડાના તાલે સંસ્કૃતિના રંગ છટકાવશે. સામૈયામાં નાસિક ઢોલ, લાકડી દાવ, રાસમંડળીના આયોજનોથી પ્રસંગને ઉજવશે.

મોરબીના લીલાપર-કેનાલ રોડ ઉપર રામકો રેસિડેન્સી પાસે આવેલ ઉમિયા નવરાત્રી ગ્રાઉન્ડ ખાતે બપોરે ૩ વાગ્યે જાન આગમન થશે અને સાંજે ૬ વાગ્યે મંચ કાર્યક્રમ યોજાશે. રાતે ૭ વાગ્યે હસ્તમેળાપ વિધિ બાદ મહાપ્રસાદ અને સાંજે ૧૦ વાગ્યે સંગીતમય રાત્રિમાં લોકગાયિકા રસ્મિતાબેન રબારી, દેવ પગલી, મિતલબેન રબારી, યુનુસભાઈ શેખ અને અન્ય જાણીતા કલાકારો રાસની રસધાર વહાવશે. આ પ્રસંગે વડવાળા મંદિર દુધરેજના મહામંડલેશ્વર પૂ. કનીરામદાસજી બાપુ સહિતના સંતો-મહંતો, સાંસદ બાબુભાઈ દેસાઈ, પરસોત્તમ રૂપાલા, મંત્રી રાઘવજી પટેલ સહિત અનેક રાજકીય આગેવાનો ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવશે.

આ લગ્નોત્સવમાં પર્યાવરણને અર્પણ કરતા એક હરિયાળા સંકલ્પમાં દરેક યુગલના ગામમાં લગ્નના આગલા દિવસે ૧૦૦ વૃક્ષ વાવવાના છે અને મહેમાનોને બોન્સાઇ વડની ભેટ આપવામાં આવશે. વૃક્ષ ઉછેરવાની જવાબદારી પરિવાર નિભાવશે, જે પર્યાવરણ સંરક્ષણનો અનોખો સંદેશ આપે છે. આ સાથે આરોગ્ય સુરક્ષા માટે સ્થળ પર મેડિકલ કેમ્પ, વ્યસનમુક્તિ અને અંગદાન જેવી જાગૃતિ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. ૨૫૦૦થી વધુ સ્વયંસેવકો અને ૫૦૦ સુરક્ષા કર્મીઓ સંપૂર્ણ વ્યવસ્થામાં ખડેપગે રહેશે.

## સમાચાર સંક્ષીપતમાં

### મોરબીના નવલખી રોડ પર રૂ. ૧.૬૩ કરોડના ખર્ચે ડામર રોડનું રીસર્ફેસીંગ કામ શરૂ

મોરબી મહાનગરપાલિકાની સીવીલ અને સિટી બ્યુટીફીકેશન શાખા દ્વારા નવલખી રોડ ઉપર સેન્ટ મેરી ફાટકથી પરશુરામ ધામ બ્રીજ સુધી ડામર રોડ રીસર્ફેસીંગનું કામ શરુ કરવામાં આવ્યું છે. મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસ અને સજાવટના ભાગરૂપે વિવિધ વિકાસ કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ અંતર્ગત મહાનગરપાલિકાની સીવીલ અને સીટી બ્યુટીફીકેશન શાખા દ્વારા શહેરના મુખ્ય માર્ગોમાંથી એક એવા નવલખી રોડ ઉપર સેન્ટ મેરી ફાટકથી પરશુરામ ધામ બ્રીજ સુધી ડામર રોડનું રીસર્ફેસીંગ કામ શરૂ કરવામાં આવ્યું છે. આ કામગીરી માટે અંદાજિત રૂ.૧.૬૩ કરોડનો ખર્ચ થવાનો છે. આ કામગીરી શહેરના વાહનવ્યવહારને વધુ સુગમ અને સુરક્ષિત બનાવવાના ઉદ્દેશ્યથી કરવામાં આવી રહી છે.

### મોરબીના વીસીપરા વિસ્તારમાંથી ગુમ થયેલા યુવકની લાશ મચ્છુ નદીમાંથી મળી

મોરબીના વીસીપરા વિસ્તારમાં રહેતા ૩૫ વર્ષીય સંજયભાઈ મેઘજીભાઈ ઉધરેજાની લાશ મચ્છુ નદીના પાણીમાંથી મળી આવતા મોરબી સીટી બી ડિવિઝન પોલીસે અ. મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે. મોરબી મચ્છુ નદી નજીક ઇટોનાં ભઠા સામેના વિસ્તારમાં એક પુરુષની લાશ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. મળતી માહિતી મુજબ મૃતકનુ નામ સંજયભાઈ મેઘજીભાઈ ઉધરેજા ઉવ.૩૫ રહે. વીસીપરા, રમેશ કોટન મીલની અંદર મોરબી વાળાની હોવાનું સામે આવ્યું છે, જે તા.૨૨/૦૫ ના સાંજથી તેમના ઘરેથી ગુમ થયેલા હતા. જેની ૨૩/૦૫ સવારના ૧૧/૦૦ વાગ્યે મચ્છુ નદીના પાણીમા ડુબી ગયેલ હાલતમા લાશ મળી આવતા સગા સબંધી મરણજનારની લાશ મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવતા બી ડિવિઝન પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

### મોરબીમાં ૬૦ વર્ષીય મહિલા ઘરે અચાનક બેભાન થઈ જતા સારવાર દરમિયાન મૃત્યુ

મોરબી શહેરના ત્રાજપર ચોકડી વિસ્તારમાં આવેલી ગીતાપાર્ક સોસાયટીમાં રહેતા ૬૦ વર્ષીય કોકીલાબેન વાલજીભાઇ ચૌહાણ પોતાના ઘરે હોય ત્યારે અચાનક બેભાન થઈ જતા પરિવારજનો અને પડોશીઓ દ્વારા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી તેમને મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન હોસ્પિટલમાં ફરજ પર હાજર મેડિકલ ઓફિસર ડૉ. એન.એન. રૂપાલાએ જોઈ તપાસી કોકિલાબેનને મૃત જાહેર કર્યા હતા. હાલ બી ડિવિઝન પોલીસે અ. મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

### મોરબી તાલુકાના ફાટસર ગામે ૪૦ વર્ષીય યુવકે આત્મહત્યા કરી જીવન ટુંકાવ્યું

મોરબી તાલુકાના ફાટસર ગામે રહેતા ૪૦ વર્ષીય યુવકે પોતાના ઘરમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. ઘટના અંગે મોરબી તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી છે.

મોરબી તાલુકાના ફાટસર ગામમાં રહેતા મુન્નાભાઈ કેગુભાઈ ગાવડ ઉવ.૪૦ મૂળ વતન ડીંગી તા.રાણાપુર જી.જાંબુવા (મધ્યપ્રદેશ) વાળાએ કોઈ અકળ કારણોસર પોતાના ઘરમાં પંખા સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી દીધું હતું. ઘટનાની જાણ થતા જ સ્થાનિકોએ પોલીસને જાણ કરતા તાલુકા પોલીસ ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને નવલસિંહ પ્રભાતસિંહ જાડેજા રહે. ફાટસર પાસેથી પ્રાથમિક વિગતો મેળવી પોલીસે મૃત્યુના બનાવ અંગે અ.મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### મોરબીના નીચી માંડલમાં ઇટાસીસ સીરામીકના લેબર ક્વાર્ટરમાં ચક્કર આવતા ઢળી પડેલ પરિણીતાનું મૃત્યુ

મોરબી તાલુકાના નીચી માંડલ ગામે આવેલ ઇટાસીસ સિરામિક લેબર ક્વાર્ટર્સમાં રહેતી ૧૮ વર્ષીય પરિણીતાનું અચાનક ચક્કર આવી પડી જતા મૃત્યુ નિપજ્યું હતું. બનાવ અંગે લારીવારમાં શોકની લાગણી છ્વાઈ ગયી હતી. મોરબી તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી છે. મોરબી તાલુકાના નીચી માંડલ ગામે આવેલ ઇટાસીસ સિરામિકના લેબર ક્વાર્ટર્સમાં રહેતા રૂપાબેન દિનેશભાઈ માલી ઉવ.૧૮ને ગઈકાલે તા. ૨૩ મે ના રોજ કોઈ કારણસર અચાનક ચક્કર આવતા પડી જતા સરવાર અર્થે મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હોય જ્યાં ફરજ પર હાજર ડોક્ટરે જોઈ તપાસી રૂપબેનને મૃત જાહેર કર્યા હતા, ત્યારે મૃતયીની ઘટના અંગે તાલુકા પોલીસે અ.મોતની નોંધ દાખલ કરી આગળની તજવીજ શરૂ કરી છે.

### મોરબીના બંધુનગર ગામ નજીક સીરામીક શ્રમિકનો ગળેફાંસો ખાઈ આપઘાત

મોરબી તાલુકાના બંધુનગર ગામ પાસે આવેલી હિંમત ગ્લેઝ ટાઈલ્સની લેબર કોલોનીમાં રહેતા ૨૧ વર્ષીય અંકુશકુમાર રાજેશકુમાર દ્વારે મૂળ નિવાસી ગામ ટરવાબીકુ બીલાવર જી.આરૈયા(યુ.પી.) વાળાએ કોઇ અગમ્ય કારણસર પોતાના રહેણાંક ક્વાર્ટરમાં ગળેફાંસો ખાઇ આપઘાત કરી લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. બનાવ અંગે હસમુખભાઈ ગોરધનભાઈ ગામી રહે. મોરબી દ્વારા તાલુકા પોલીસને જાણ કરતા, પોલીસે અ. મોત રજીસ્ટર કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર અદેપર ગામ નજીક સાળી સાથેના પ્રેમસંબંધનો ખાર રાખી બનેવીએ બે સગા ભાઈઓ ઉપર કર્યો હુમલો

## રોડ ઉપર કાર આડી નાખી બન્ને ભાઈઓને લાકડીથી માર મારી મારી નાખવાની ધમકી આપી, ચાર વિરુદ્ધ ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેરના અદેપર ગામથી સતાપર ગામ જવાના રસ્તેથી બે મોટર સાયકલમાં થાનગઢ તાલુકાના દેવળીયા ગામ જઈ રહેલા બે ભાઈઓને સ્વીફ્ટ કર્મ આવેલા ચાર શખ્સો દ્વારા ઉભા રાખી લાકડીઓ વડે ઘાતકી હુમલો કરવામાં આવ્યો છે, જેમાં સાળી સાથે પ્રેમ સંબંધનો ખાર રાખી બનેવીએ પોતાના ત્રણ સાથીદારો સાથે મળી બન્ને ભાઈઓ ઉપર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી છે.

મળતી માહિતી અનુસાર થાનગઢ તાલુકાના દેવળીયા ગામે ખેત શ્રમિક પરિવાર સાથે રહેતા અને ઓપેક્ષ સિરામિકમાં કામ કરતા કિશનભાઈ વાઘેલાએ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના ભાઈ દશરથને વાંકાનેર તાલુકાના મેસરીયા ગામના મુકેશભાઈ ભૂસડીયાની સાળી સાથે અગાઉ પ્રેમ સંબંધ હતો, જેનો ખાર રાખી હુમલો કરવામાં આવ્યો છે. જેમાં ફરિયાદી કિશનભાઈ તથા તેમનો ભાઈ દશરથભાઈ પોતાના મિત્ર સંજય ડાભી, ભાવેશ મીઠાપરા અને સંજય ચાવડા સાથે ૨૧ મેના રોજ રાત્રે અદેપર ગામે મિત્ર અરવિંદ ઝાલાના ફૂલેકાના ફંકશનમાં હાજરી આપી પરત પોતાના ગામ દેવળીયા જઈ રહ્યા હોય ત્યારે રાત્રે લગભગ ૧.૧૫ વાગ્યે અદેપર અને સતાપર વચ્ચેના રસ્તા પર એક સફેદ કલરની સ્વીફ્ટ કાર તેમની પાછળથી આવી અને મોટરસાયકલ તથા બુલેટ આગળ આડી રાખી દીધી હતી જે કારમાંથી આરોપી મુકેશભાઈ ભુસડીયા તથા તેના ત્રણ અજાણ્યા સાથીદારો લાકડીઓ લઈને ઉતર્યા. તેમણે દશરથને કહ્યું કે ''તે મારી સાળી સાથે કેમ પ્રેમસંબંધ રાખ્યો છે?'' તેમ કહી ગાળો આપી લાકડીથી માર મારવાનું શરૂ કર્યું. ત્યારે કિશનભાઈ વચ્ચે પડતાં તેમને પણ લાકડી વાગી ડાબા હાથમાં અને પગમાં ગંભીર ઈજાઓ થઈ હતી. દશરથને જમણા હાથમાં ફ્રેક્ચર આવી, ડાબા પગ અને શરીર પર પણ ગંભીર ઇજાઓ થઈ હતી. આ દરમિયાન આરોપી મુકેશભાઈએ દશરથને ધમકી આપી કે ''હવે ફરીથી ભેગો થઈશ તો તને જાનથી મારી નાંખીશ'' તેમ કહી કાર લઈને ચારેય આરોપીઓ ચાલ્યા ગયા હતા. જે બાદ મિત્ર કિશન રંગપરા અને ભાઈ રોહિત વાઘેલા આવ્યા હતા અને બંને ઘાયલ ભાઈઓને વાંકાનેર સરકારી તથા ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં કિશનભાઈને હાથમાં મુંઢ ઈજા અને દશરથભાઈના હાથમાં ફ્રેક્ચર હોય જેનું ઓપરેશન કરવું પડ્યું હતું. હાલ વાંકાનેર તાલુકા પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# હળવદ ઉછીના રૂપિયા પરત આપવાને બદલે મહિલાને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપનાર ચાર સામે ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદમાં એક મહિલાએ આપેલ ઉછીના પૈસા પરત આપવાની માંગણી કરવી ભારે પડી હતી. પ્રથમ મહિલાને ઉછીના પૈસા પરત આપવાની લાલચ આપીને હળવદ બોલાવી, અને ત્યારબાદ મહિલાને ગાળો આપી ઝાપટ મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી, હાલ પોલીસે ચાર શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મૂળ મધ્યપ્રદેશના ઈન્ડોરની વતની હાલ મોરબીના ઘુંટુ રોડ ઉપર પાર્થ હોટલ ખાતે રહેતા રૂકસારબેન ગૌરવભાઈ મનોર ઉવ. ૩૦ એ હળવદ પોલીસ મથકે આરોપી મુમાભાઈ ઉર્ફે રાધે હીરાભાઈ રાતડીયા રહે.કડીયાણા તથા અજાણ્યા ત્રણ એમ કુલ ચાર આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે, તેઓ હાલમાં મોરબી અને હળવદ વિસ્તારમાં નોકરી કરે છે અને પતિ ઈન્દોરમાં દરજીનું કામ કરે છે. થોડા સમય પહેલા તેઓ હળવદ ખાતે ''સોનુ સ્પા''માં નોકરી કરતા હોય, ત્યારે સ્પા નીચે ચાની દુકાન ચલાવતા મુમાભાઈ ઉર્ફે રાધે હીરાભાઈ રાતડીયા સાથે ઓળખાણ થઈ હતી અને સમયાંતરે રૂકસારબેને તેને ઉછીના રૂપિયા આપ્યા હતા.

ગઈ ૨૩મી એપ્રિલે મુમાભાઈએ ફોન કરીને રૂપિયા પરત આપવા માટે રૂકસારબેનને હળવદ બોલાવ્યા હતા. ત્યારે મહિલાએ સમય ન હોવાનું કહેતા મુમાભાઈએ મોબાઈલમાં ધમકી આપી હતી કે તેમના પતિને ફોન કરીને જાણ કરશે, જેથી રૂકસારબેન રાત્રે આશરે ૯ વાગ્યે હળવદ પહોંચયા ત્યારે મોરબી ચોકડી પાસે આરોપી મુમાભાઈ અને તેના ત્રણે અજાણ્યા સાથીદારો હાજર હતા. રૂકસારબેને પૈસાની માંગણી કરતા આરોપીએ ઉલટા મહિલાને ગાળો આપી એક ઝાપટ મારી અને કહ્યું કે, ''હવેથી ફરીથી પૈસા માંગશે તો તને જીવતી રાખીશ નહિ.'' આ સાથે મુમાભાઈના ત્રણે સાથીદારો પણ ગાળો આપી ધાકધમકી આપવા લાગ્યા હતા. હાલ મહિલાની ફરિયાદને આધારે હળવદ પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર શહેરમાં કોરોનાની એન્ટ્રી થતા આરોગ્ય તંત્ર થયુ દોડતુ

જામનગરમાં કોરોના વાયરસનો કેસ નોંધાયો છે. પંચવટી ગૌશાળા વિસ્તારમાં રહેતા ૩૯ વર્ષીય યુવકનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ યુવક તાજેતરમાં વિદેશથી પરત ફર્યો હતો.દર્દીએ પ્રથમ ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. હાલમાં તેમની તબિયતમાં સુધારો જોવા મળ્યો છે. આરોગ્ય વિભાગે દર્દીને હોમ આઈસોલેશનમાં રાખ્યા છે. આરોગ્ય વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે, હાલ ચિંતાજનક સ્થિતિ નથી. જોકે, નાગરિકોને માસ્ક પહેરવા અને સામાજિક અંતર જાળવવા સહિતની તકેદારી રાખવાની સલાહ આપવામાં આવી છે.

# જામનગરના રણજીતસાગર રોડ પર ૩૩ દબાણો હટાવવા મેગા ડિમોલીશન

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા નાગમતિ નદીના કિનારે રણજીતસાગર રોડ પર અલગ અલગ બે સ્થળોએ ડિમોલીશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેના માટે ૬ જેસીબી મશીન અને ૪ ટ્રેક્ટર, ૧ હિટાચી મશીન સહિતની મશીનરી કામે લગાડવામાં આવી છે, અને ૩૩ ગેરકાયદેસર દબાણકારોને નોટીસ પાઠવ્યા પછી આજે મેગા ડિમોલીશન કરવામાં આવ્યું છે, અને અંદાજે ૬૬ હજાર ફૂટ જગ્યા ખુલ્લી કરાવવામાં આવી રહી છે, જેની અંદાજિત કિંમત એકાદ કરોડ ગણાવાઈ રહી છે.શહેરમાં વરસાદી પાણી ન ભરાય તે માટે આ દબાણો દૂર કરવામાં આવી રહ્યા છે. જેમાં મનપાના ૧૦૦ થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓ કામે લાગ્યા છે અને ભારે પોલીસ બંદોબસ્ત હેઠળ મેગા ડિમોલીશન હાથ ધરાયું છે.રિવર ફ્રન્ટ પ્રોજેક્ટને લઈને પરમદિવસે કાલાવડ નાકા બહારથી લઈને છેક નાગેશ્વર વિસ્તાર સુધીમાં નદીના પટમાં ખડકી દેવાયેલા દબાણોને દૂર કરવા માટેની કાર્યવાહી હાથ ધરાઈ હતી ૫૦,૦૦૦ ફૂટ જગ્યા ખુલ્લી કરી લેવાઈ હતી. ત્યારપછી એક દિવસનો વિરામ લઈને રંગમતિ નદી કિનારે જુદા જુદા બે સ્થળોએ તંત્ર



દ્વારા મેગા ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું છે, અને ૩૩ જેટલા ગેરકાયદે દબાણો દૂર કરીને અંદાજે ૬૬,૦૦૦ ફૂટ જગ્યા ખુલ્લી કરાવવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, અને તેમાં મહાનગરપાલિકાના અધિકારીઓની મોટી ટીમ અને ૧૦૦ થી વધુ સ્ટાફ ઉપરાંત સિટી 'એ' ડિવિઝનનો મહિલા પોલીસ સહિતનો વિશાળ પોલીસ કાફલો જોડાયો છે.જામનગર મહાનગરપાલિકાના કમિશનર ડી.એન. મોદીના સીધા માર્ગદર્શન હેઠળ ડી.એમ.સી. દેવેન્દ્રસિંહ ઝાલા, આસી. કમિશનર ભાવેશ જાનીની રાહબરી હેઠળ કંટ્રોલિંગ અધિકારી મુકેશ વરણવા તથા એસ્ટેટ શાખાની ટીમ, ટીપીઓ શાખાની ટીમ, ફાયર વિભાગની ટૂકડી વગેરે મળી ૧૦૦ થી વધુ કર્મચારીઓ આજના મેગા ડિમોલીશનમાં જોડાયા હતાં, અને અલગ અલગ બે ટીમો બનાવાઈ હતી.સમગ્ર ડિમોલીશનની કાર્યવાહી હાથ ધરવા માટે ૬ જેસીબી મશીનો, ૧ હિટાચી મશીન, ૪ ટ્રેક્ટર સહિતની મશીનરીનો ઉપયોગ કરવામાં આવ્યો છે, અને વહેલી સવારથી પાડતોડની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે.બન્ને સ્થળે સિટી.

ડી.વાય.એસ.પી. જે.એન. ઝાલા અને સિટી 'એ' ડિવિઝનના પી.આઈ. એન.એ. ચાવડાની રાહબરી હેઠળ મોટો પોલીસ કાફલો બંદોબસ્તમાં જોડાયો છે, જેમાં મહિલા પોલીસની પણ મોટી ટીમ સાથે રાખવામાં આવી છે, અને બન્ને સ્થળે ૩૩ જેટલા દબાણવાળું અધિકૃત બાંધકામ તોડી પાડી અંદાજે એકાદ કરોડની જગ્યા ખુલ્લી કરાવાઈ રહી છે. કુલ ૩૦૦ જેટલા દબાણો હટાવવા દૈનિક ધોરણે પાડતોડ કરી આ મેગા ઓપરેશન સંપન્ન કરાશે તેમ જાણવા મળે છે.

# દડિયા ગામની મહિલા બુટલેગરનું મકાન તોડી પડાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પોલીસે અસામાજિક તત્વો સામે મોટી કાર્યવાહી કરી છે. જામનગર તાલુકાના દડિયા ગામની મહિલા બુટલેગર રશીલાબેન ઓઘળભાઇ જાટીયાએ સરકારી જમીનમાં બનાવેલા મકાનને તોડી પાડવામાં આવ્યું છે.જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂ અને ASP લાલપુરના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી. પંચ બી પોલીસ સ્ટેશનના PI વી.જે.રાઠોડે અસામાજિક તત્વોની યાદી તૈયાર કરી હતી. રશીલાબેન સામે પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના અનેક ગુના નોંધાયેલા છે.

આરોપી મહિલાએ દડિયા ગામમાં સરકારી જમીન પર ૧૨૦૦ સ્ક્વેર ફૂટનું મકાન બનાવ્યું હતું. આ મકાનની કિંમત આશરે ૯ લાખ રૂપિયા આંકવામાં આવી છે. મકાનમાં બે રૂમ અને ઓશરી હતી. પોલીસની કાર્યવાહીને પગલે મહિલાએ પોતાની જાતે જ મકાન તોડી પાડ્યું હતું અને સરકારી જમીન ખુલ્લી કરી હતી.

# પ્લાસ્ટિક પ્રદૂષણ પ્રત્યે જાગૃતિ ફેલાવવા રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા પ્રભાત ફેરી સહિત અનેક કાર્યક્રમોનું આયોજન



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા 'વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૫' નિમિત્તે ૨૨ મે થી ૫ જૂન, ૨૦૨૫ દરમિયાન અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો મુખ્ય વિષય 'પ્લાસ્ટિક પ્રદૂષણ સમાપ્ત કરવું' છે. આ અભિયાનની શરૂઆત ૨૨ મેના રોજ વિવિધ ગતિવિધિઓ સાથે થઈ, જેમાં કાર્યક્રમનો શુભારંભ, જાગૃતિ અભિયાન, પ્લાસ્ટિક કચરાનું આકલન અને નિકાલ, પ્રચાર સામગ્રીનું પ્રદર્શન, અને કર્મચારીઓ માટે પ્લાસ્ટિકના ઉપયોગમાં ઘટાડો લાવવા, રિસાઈક્લિંગ એન્ડ વેસ્ટ મેનેજમેંટ પર કાર્યશાળાઓનો સમાવેશ થાય છે. આ પહેલોનો ઉદ્દેશ્ય મુસાફરો, રેલવે કર્મચારીઓ અને સ્થાનિક સમુદાયોને પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા અને યોગ્ય કચરા નિકાલની પદ્ધતિઓ અપનાવવાના મહત્વ વિશે શિક્ષિત કરવાનો છે. આ અભિયાન હેઠળ, પ્લાસ્ટિક કચરાના નિકાલ અને વ્યવસ્થાપન માટે સામૂહિક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે જેથી પ્લાસ્ટિક પ્રદૂષણને ઘટાડી શકાય.

આ અભિયાનને આગળ વધારતા આજે સવારે, ૨૩ મે ૨૦૨૫ ના રોજ, પ્લાસ્ટિક પ્રદૂષણ પ્રત્યે જનજાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્યથી એક પ્રભાત ફેરીનું આયોજન કરવામાં આવ્યું, જેનાથી પર્યાવરણ પર પ્લાસ્ટિક કચરાની હાનિકારક અસરો વિશે જાગૃતિ વધારી શકાય. આ પ્રભાત ફેરી રાજકોટ રેલવે ડિવિઝનના અપર ડિવિઝન રેલ પ્રબંધક શ્રી કૌશલ કુમાર ચૌબે ના નેતૃત્વમાં, વરિષ્ઠ ડિવિઝન યાંત્રિક એન્જિનિયર મેઘરાજ તાતેડ સહિત વિવિધ વિભાગોના શાખા અધિકારીઓ, અન્ય રેલવે અધિકારીઓ અને કર્મચારીઓ, સિવિલ ડિફેન્સ કર્મીઓ, સ્કાઉટ અને ગાઈડ, અને સ્થાનિક શાળાઓના વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં હાથ ધરવામાં આવી. કાર્યક્રમ અંતર્ગત, પ્લાસ્ટિકના ઉપયોગને મર્યાદિત કરવા, પ્લાસ્ટિકના ઉપયોગથી પર્યાવરણ અને પરિસ્થિતિ તંત્ર પર પડતી દુષ્પ્રભાવોને રેખાંકિત કરતા સ્લોગન લખેલા બેનરો અને પોસ્ટરો સાથે એક રેલી કાઢવામાં આવી. આ રેલી ડીઆરએમ ઓફિસથી શરૂ થઈને રેલવે કોલોનીમાંથી પસાર થઈ હતી અને તેનું સમાપન ડીઆરએમ ઓફિસ પર જ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના બાળકોને પણ સામેલ કરવામાં આવ્યા જેથી વર્તમાનની સાથે-સાથે ભવિષ્યમાં આવનારી પેઢીઓ પણ પ્લાસ્ટિક કચરાથી પર્યાવરણ પર પડતી દુષ્પ્રભાવ પ્રત્યે સજાગ રહે. આ ઉપરાંત આ પહેલનો ઉદ્દેશ્ય જનસમુદાયને પર્યાવરણને અનુકૂળ જીવન પદ્ધતિ અપનાવવા માટે પણ પ્રોત્સાહિત કરવાનો હતો.

# ભક્તિનગર સ્ટેશન પર ચાર ટ્રેનોના સ્ટોપેજના સમયમાં વધારો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે ભક્તિનગર સ્ટેશન પર આવનારી ૪ ટ્રેનોના સ્ટોપેજના સમયને ૩૦.૦૫.૨૦૨૫ થી લઈને આગામી સૂચના સુધી વધારવામાં આવ્યો છે. વિગતો નીચે મુજબ છે

(૧) ટ્રેન સંખ્યા ૧૯૫૭૧ રાજકોટ-પોરબંદર એક્સપ્રેસ ભક્તિનગર સ્ટેશન પર ૦૭:૩૭ વાગ્યે આવશે અને ૦૭:૩૯ વાગ્યે ઉપડશે.

(૨) ટ્રેન સંખ્યા ૧૯૨૦૮ રાજકોટ-પોરબંદર એક્સપ્રેસ ભક્તિનગર સ્ટેશન પર ૧૬:૨૫ વાગ્યે આવશે અને ૧૬:૨૭ વાગ્યે ઉપડશે.

(૩) ટ્રેન સંખ્યા ૫૯૪૨૩ રાજકોટ-વેરાવળ લોકલ ભક્તિનગર સ્ટેશન પર ૦૮:૧૨ વાગ્યે આવશે અને ૦૮:૧૪ વાગ્યે ઉપડશે.

(૪) ટ્રેન સંખ્યા ૫૯૪૨૧ રાજકોટ-વેરાવળ લોકલ ભક્તિનગર સ્ટેશન પર ૧૮:૩૨ વાગ્યે આવશે અને ૧૮:૩૪ વાગ્યે ઉપડશે.

રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની યાત્રા શરૂ કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સની જાણકારી માટે www.enquiry. indian-rail.gov.in પર જઈને અવલોકન કરે જેથી કોઈ પ્રકારની અસુવિધા ન થાય.

# વિદ્યાર્થીઓના સામર્થ્યને સાહસમાં પરિવર્તીત કરી તેને સફળતાના શિખર તરફ દોરી જતી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી



**મુખ્ય સમાચાર, રાજકોટ**
**આલેખનઃ પ્રિયંકા પરમાર**

ચોકલેટ કોને ન ભાવે ! ''ચોકલેટ'' શબ્દ સાંભળતાની સાથે જ અબાલ વૃધ્ધ સૌ કોઈના મોઢામાં પાણી આવી જાય છે. વિવિધ કંપનીઓ અનેક પ્રકારના સ્વાદની ચોકલેટનું ઉત્પાદન કરે છે, પરંતુ આજે આપણે એક એવી ચોકલેટ વિશે વાત કરવી છે, જેને આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ જ ઉપયોગી એવા સરગવામાંથી બનાવવામાં આવી છે. પૌષ્ટિક તત્વો અને ભરપૂર વિટામિન જેમાં રહેલા છે, તેવા સરગવા એટલે કે મોરીંગામાંથી બનેલી આ ચોકલેટનું નામ પણ ''મોરિક ડીલાઈટ'' છે. જેને રાજકોટના યુવા મહિલા ઉદ્યમી કૃપા બોડાએ બનાવી છે.

રાજ્ય સરકારની ''સ્ટુડન્ટ્સ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦'' (SSIP) નો લાભ મેળવીને મહિલા ઉદ્યમી તરીકે આગળ વધી રહેલી કૃપાએ તેના હેલ્ધી ચોકલેટના પ્રોજેક્ટ વિશે વાત કરતા જણાવ્યું હતું કે, મેં વર્ષ ૨૦૧૯માં રાજકોટની માતૃશ્રી વીરબાઈ મહિલા સાયન્સ કોલેજમાં BSC કેમિસ્ટ્રીમાં એડમિશન લીધું હતું. અભ્યાસની સાથે કંઈક અલગ કરવાની ઈચ્છા હતી. એ જ અરસામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ''સ્ટુડન્ટ્સ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦'' હેઠળ બુટ કેમ્પ યોજાયો હતો. જેમાં મારી કોલેજના પ્રો.ચેતન ઠાકર અને પ્રો.ભાવના વૈધના માર્ગદર્શન હેઠળ મેં સરગવામાંથી ચોકલેટ બનાવવાનો પ્રોજેક્ટ મૂક્યો હતો, મારા આ પ્રોજેક્ટને નિર્ણાયક ટીમ દ્વારા હેઠળ પસંદ કરવામાં આવ્યો. જેણે મારા માટે આત્મનિર્ભર બનવાના દ્વાર ખોલી નાખ્યા. સરગવાની ચોકલેટ બનાવવાના ઉદ્દેશ્યને વર્ણાવતા તેઓ કહે છે કે, લોકોના આરોગ્યને ધ્યાનમાં રાખીને મારે કંઈક નવું કરવું હતું. સરગવામાં અનેક પોષક તત્વો રહેલા છે. ફાઈબરથી ભરપૂર સરગવો ચરબી ઘટાડવામાં મદદરૂપ છે, આજના યુગમાં આહાર - વિહાર અને જીવનશૈલીના કારણે લોકો મેદસ્વીતાનો શિકાર બની રહયા છે. તેવા સમયે સરગવામાંથી ''હેલ્ધી અને ટેસ્ટી'' ચોકલેટ બનાવી તેને લોકો સુધી પહોંચાડીએ તો લોકોનું આરોગ્ય પણ સારૂ રહે તેવા વિચાર સાથે મે '' મોરિક ડીલાઈટ'' ચોકલેટના ઉત્પાદન ક્ષેત્ર ઝંપલાવ્યું.

ઉલ્લેખનીય છે કે, SSIP 2.0 હેઠળ રાજકોટ જિલ્લાની ૧૭ શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીને રૂ.૨ કરોડ, ૮૨ લાખ ૭૦ હજારની ગ્રાન્ટ ફાળવવ-ામાં આવી છે. જે અંતર્ગત હાલ ૧,૨૪૧ વિદ્યાર્થીઓના સમાવેશ સાથે ૫૭૦ જેટલા ઈનોવેશન પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યા છે. વિદ્યાર્થી મિત્રો પોલિસી વિશેની વધુ જાણકારી https://www.ssipgujarat.in/ વેબસાઈટ અને ''મારી યોજના'' પોર્ટલ ઉપરથી મેળવી શકે છે. આમ, સફળ ઉદ્યોગ સાહસિકો બનાવવા અને આત્મનિર્ભર ભારત બનાવવાની સંકલ્પનાને સાકાર કરવા ''સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦'' સાહસનું પ્રેરણાસ્ત્રોત બની છે.

# જીવરાજગૃપ દ્વારા માનવતાવાદી પ્રવૃતિમાં વધારાનું એક પુષ્પઃ જીવરાજ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલનું થયું ભુમીપુજન



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જીવરાજગૃપના પ્રણેતા નરેન્દ્રબાપુ ગુરૂ જીવરાજબાપુ (નરેન્દ્રભાઇ સોલંકી)ના સુપુત્ર અશોકભાઇ સોલંકી તેમજ ભાર્ગવભાઇ સોલંકી દ્વારા શ્રી નરેન્દ્રબાપુના સેવાકીય પ્રવૃતિ તેમજ માનવતાવાદી પ્રવૃતિના એક ભાગ સ્વરૂપે બન્ને ભાઇઓ દ્વારા રાજકોટ તેમજ સૌરાષ્ટ્રના મધ્યમ વર્ગના લોકોની બીઝનેશના માધ્યમથી સેવાકીય પ્રવૃતિમાં ઓપ આપવા માટે થઇ અને શુક્રવાર ના રોજ વાવડી ૫૦ ફુટ ના રોડ ઉપર બિલેશ્વર હાઇટ્સ એપાર્ટમેન્ટની સામે શ્રી જીવરાજગૃપ દ્વારા '' જીવરાજ મલ્ટીપ્લસ હોસ્પિટલ '' બનાવવા માટેનું શ્રી અશોકભાઇ સોલંકી તેમજ ભાર્ગવભાઇ સોલંકી દ્વારા ભુમી પુજન કરવામાં આવેલ છે.

આ જીવરાજ મલ્ટીપલ્સ હોસ્પિટલની અંદર એક બિલ્ડીંગમાં આશરે ૭ માળની તેમજ બાજુમાં જ બીજા બિલ્ડીંગમાં આશરે ૪ માળની હોસ્પિટલમાં ૭૦ રૂમની વ્યવસ્થાઓ માટેનું બિલ્ડીંગનું ભુમી પુજન કરવામાં આવેલ છે. આ હોસ્પિટલનું બિલ્ડીંગ તાત્કાલીકના ધોરણે અંદાજે એક થી દોઢ વર્ષના સમયગાળામાં પૂર્ણ કરી અને રાજકોટ તેમજ સૌરાષ્ટ્રની પ્રજાને આ હોસ્પિટલનો લાભ મળે તેવો સંપૂર્ણ પ્રયત્ન કરવામાં આવશે.

આ હોસ્પિટલની અંદર આશરે ૧૪ બેડ ની આઇ.સી.યુ. યુનીટની વ્યવસ્થાઓ રાખવામાં આવશે. ૧૦ બેડની એન.આઇ.સી.યુ. ની વ્યવસ્થાઓ કરવામાં આવશે. મલ્ટીપ્લસ પ્રકારનું એક મોડયુલર ઓપરેશન થયેટર રાખવામાં આવશે તેમજ ૨ મલ્ટીપ્લસ પ્રકારના પણ નાના ઓપરેશન થયેટરો રાખવામાં આવશે. બહેનો માટેનું ગાયનેકનું ખાસ ઓપરેશન થયેટર અલગ થી જ રાખવામાં આવશે. તેમ કુલ મળી અને ૪ ઓપરેશન થયેટરો, એકસરે વિભાગ, લેબોરેટરી ની સુવિધા, મેડીકલ, સોનોગ્રાફીની સુવિધા, પોર્ટેબલ એકસરે મશીનની સુવિધા. તેમજ આ બિલ્ડીંગની અંદર ઇન્ડોર સીસ્ટમ સંપૂર્ણ પણે અલગથી રાખવામાં આવશે. તેમજ તેમનું બિલ્ડીંગ પણ અલગથી રહેશે. તેમજ બિજા વિભાગની અંદર વેઈટીંગ રૂમ, કન્સટીંગ રૂમ દરેકની વ્યવસ્થાઓ અલગથી રાખવામાં આવશે. જેમાં જનરલ ફીઝીશ્યન, જનરલ સર્જન, ઓર્થોપેડીક સર્જન, પિડીયાટ્રીશ્યન (બાળકોના નિષ્ણાંત) ગાયનેક વિભાગમાં લેડીઝ તેમજ જેન્ટસ બન્ને (સ્ત્રીરોગ નિષ્ણાંત) તેમજ આઇ.વી.એફ.ની સંપૂર્ણ સુવિધાથી પૂર્ણ. ટ્રોમાસેન્ટર સાથેની મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પીટલ નું આજ રોજ ભુમીપુજન કરવામાં આવેલ છે.

# રાજકોટ-મુંબઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ તેજસ સ્પેશિયલ ટ્રેનના ફેરા લંબાવાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા તથા ખાસ કરીને ઉનાળા દરમિયાન તેમની મુસાફરીની માંગને પહોંચી વળવા માટે રાજકોટ અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે વિશેષ ભાડા પર ચાલી રહેલી સુપરફાસ્ટ તેજસ સ્પેશિયલ ટ્રેનના ફેરા લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિગતવાર માહિતી નીચે મુજબ છે

ટ્રેન નંબર ૦૯૦૦૬/૦૯૦૦૫ રાજકોટ - મુંબઈ સેન્ટ્રલ તેજસ સુપરફાસ્ટ દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ ૧૮ ફેરા

ટ્રેન નંબર ૦૯૦૦૬ રાજકોટ-મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ દર ગુરુવાર અને શનિવારે રાજકોટથી ૧૮.૩૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૦૭.૩૦ વાગ્યે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. આ ટ્રેન ૩૧ મે થી ૨૮ જૂન, ૨૦૨૫ સુધી ચાલશે.

એ જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૦૫ મુંબઈ સેન્ટ્રલ-રાજકોટ સ્પેશિયલ દર બુધવાર અને શુક્રવારે મુંબઈ સેન્ટ્રલથી ૨૩.૨૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૧૧.૪૫ વાગ્યે રાજકોટ પહોંચશે. આ ટ્રેન ૩૦ મે થી ૨૭ જૂન, ૨૦૨૫ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, અમદાવાદ, આણંદ, વડોદરા, સુરત, વાપી અને બોરીવલી સ્ટેશનો પર ઊભી રહેશે.

આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, એસી ૨-ટાયર અને એસી ૩-ટાયર કોચ છે.

ટ્રેન નંબર ૦૯૦૦૬ અને ૦૯૦૦૫ માટેનું બુકિંગ ૨૫.૦૫.૨૦૨૫ થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઇટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના સંબંધિત વિસ્તૃત માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry. indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# યુ.પી.એસ.સી.ની પ્રીલિમીનરી પરીક્ષા ૨૫ મીએ રાજકોટના ૧૨ કેન્દ્રો ખાતે યોજાશે

## જિલ્લા પુરવઠા કચેરી ખાતે કંટ્રોલરૂમ (ફોન નં. ૦૨૮૧- ૨૪૭૬૮૯૧) કાર્યરત રહેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુ.પી.એસ.સી.)દ્વારા તા.૨૫ મે (રવિવાર)ના રોજ યુ.પી.એસ.સી. સિવીલ સર્વીસીસ (પ્રિલિમીનરી) પરીક્ષા-૨૦૨૫ રાજકોટ જિલ્લાના ૧૨ કેન્દ્રો ખાતે યોજાશે.

આ અંગે જિલ્લા પુરવઠા કચેરી, રાજકોટ ખાતે પરીક્ષાના દિવસ દરમિયાન કંટ્રોલરૂમ કાર્યરત રહેશે. જેના ફોન નં. ૦૨૮૧- ૨૪૭૬૮૯૧ છે.

પરીક્ષાના દિવસે પરીક્ષા કેન્દ્ર પર ઉમેદવારો માટે પ્રવેશ પેપર શરૂ થતા પહેલા ૩૦ મિનીટ પહેલા બંધ કરવામાં આવશે. ઉમેદવારએ ઈ-એડમીટ કાર્ડ સાથે પ્રવેશ મળશે. ઈ-એડમીટ કાર્ડમાં કમિશન દ્વારા અપાયેલ સુચનાઓનો તમામ ઉમેદવારોએ અભ્યાસ કરવો જરૂરી છે. મોબાઈલ ફોન, અન્ય આઇ.ટી, કે ઈલેક્ટ્રોનિક્સ ગેજેટસ, સ્માર્ટ/ડિજીટલ વોચ, બુક્સ, બેગ્સ, કોઇ કિંમતી વસ્તુઓ (ઇ-એડમીટ કાર્ડમાં છપાયેલ સુચનાની વિગતે) પરીક્ષા સ્થળે લઇ જઇ શકાશે નહીં. આ વસ્તુઓ સાચવવવા માટે પરીક્ષા સ્થળ પર કોઇ વ્યવસ્થા ન હોવાથી આ કિમતી વસ્તુઓની સાચવણીની વ્યવસ્થા ઉમેદવારે જાતે કરવાની રહેશે. ઉક્ત વસ્તુઓ પૈકી કોઇ પણ ગુમ થવાના કિસ્સામાં કમિશન જવાબદાર રહેશે નહી.

ઉમેદવાર પરીક્ષા કેન્દ્રની અંદર ફક્ત ઇ-એડમીટ કાર્ડ, પેન, પેન્સીલ, આઈડેન્ટીટી પ્રૂફ અને પોતાના ફોટોગ્રાફ તેમજ ઇ-એડમીટ કાર્ડમાં જણાવેલ વસ્તુઓ જ લઇ જઇ શકે છે. ઉપરોક્ત બાબતોની તમામ ઉમેદવારોએ નોંધ લેવા નિવાસી અધિક કલેકટર, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ જિલ્લાના ૧૫ વર્ષ સુધીના ખેલાડીઓ માટે તા.૨૭ મીએ પ્રૂવન ટેલેન્ટ આઈન્ડેટીફિકેશન યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા રાજકોટ જિલ્લાના ખેલાડીઓ માટે પ્રૂવન ટેલેન્ટ આઈન્ડેટીફિકેશનનું આયોજન કરાયું છે.

જેમા તા.૨૭ મે ના રોજ સવારે ૧૦ કલાકે SAG સ્પોર્ટ્સ હોસ્ટેલ પોલીસ હેડ ક્વાટર્સની પાસે, રેષકોસ ખાતે ખેલાડીઓએ રિપોર્ટીંગ કરવાનું રહશે.

ખેલ મહાકુંભ, એસ.જી.એફ.આઈ, માન્ય એસોસીયેશન જેવી માન્ય રાજ્ય કક્ષાની ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ દરમ્યાનની સ્પર્ધાઓમાં ૧ થી ૩ ક્રમાંકના વિજેતા ખેલાડીઓ માટે પ્રૂવન ટેલેન્ટ આઈન્ડેટીફિકેશન (PT) ટેસ્ટનું આયોજન કરાયું છે. જેમાં ૧૫ વર્ષ (૩૧-૧૨-૨૦૦૯ પછી જન્મેલા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ) સુધીના ખેલાડીઓ ભાગ લઈ શકશે.

બાળકોએ તેમની રસ ધરાવતી રમતમાં સારૂ પ્રદર્શન કરેલ હોય અને ભવિષ્યમાં વધુ સારૂ પ્રદર્શન કરી શકે તેવી ક્ષમતા ધરાવતા પ્રતિભાશાળી ખેલાડીઓને પ્રૂવન ટેલેન્ટ ખેલાડી તરીકે ડી.એલ.એસ.એસ યોજનામાં પસંદગી કરવામાં આવશે. તેમ જિલ્લા રમત વિકાસ અધિકારીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# સરકારી હોસ્પિટલ કુવાડવા દ્વારા મહિલા પોલીસ સ્ટેશન રાજકોટ ખાતે એન.સી.ડી. સ્ક્રીનીંગ કેમ્પ યોજાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિશ્વ હાયપરટેન્શન દિવસનાં ભાગરૂપે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા તા. ૧૭ મેથી તા.૧૬ જૂન-૨૦૨૫ સુધી જન જાગૃતિ અભિયાન હાથ ધરાઈ રહ્યું છે.

આ અભિયાનના ભાગરૂપે તા.૨૧ મેના રોજ મહિલા પોલીસ સ્ટેશન- રાજકોટ ખાતે એન.સી.ડી. વિભાગ સરકારી હોસ્પિટલ કુવાડવા દ્વારા એન.સી.ડી. સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

એન.સી.ડી. સ્ક્રીનીંગ કેમ્પમાં મહિલા પોલીસ સ્ટેશન રાજકોટ અને એ.એચ.ટી.યુ./પેરોલ ફર્લોનાં તમામ સ્ટાફનું એન.સી.ડી. સ્ક્રીનીંગ બ્લડ પ્રેશર, ડાયાબિટસ તપાસવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગ દ્વારા હેલ્થ સ્ક્રિનિંગ કરવાની સાથે હાયપરટેન્શન અને ડાયાબિટીસથી બચવા શું તકેદારી રાખવી તે અંગે પણ જાણકારી આપવામાં આવી હતી.

# ટીઆરપી કાંડમાં મૃતક પરિવારોને પૂરતું વળતર મળ્યું નથીઃ કોંગ્રેસ સમિતિ



તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ૪૧ જાગનાથ ખાતે કોંગ્રેસ કાર્યાલયે ગેમ ઝોનની ઘટનાની વાર્ષિક પુણ્યતિથિ (૨૫/૫) નિમિત્તે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સેવા દળના અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી.

પત્રકાર પરિષદને સંબોધન કરતા રાજકોટ મહાનગરપાલિકા વિરોધ પક્ષના નેતા વશરામભાઈ એ જણાવ્યું હતું કે આવતીકાલે એક વર્ષ પૂરું થાય છે ત્યારે કોંગ્રેસ છેલ્લા પાંચ દિવસથી રાજકોટ શહેરમાં જનજાગૃતિ અભિયાન ચલાવી રહી છે જુદી જુદી જે માંગો સરકાર સમક્ષ કરવામાં આવી હતી તે આજદિન સુધી સ્વીકારવામાં આવી નથી. ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર યુક્ત શાસન ચાલી રહ્યું છે તેનું આ ગેમ ઝોન જીવતું જાગતું ઉદાહરણ છે. પદાધિકારીઓની ભૂમિકા હતી પરંતુ કોર્પોરેટરો અને પદાધિકારીઓનો ભ્રષ્ટાચાર બહાર ન આવે એટલા માટે ક્લીન ચીટ અપાય છે. રાજકોટમાં એક ટાવરમાં ત્યારબાદ આગ લાગી હતી તેમાં પણ કશું જ થયું નથી રેસીડેન્સી માં ભાજપના આગેવાનની ઓફિસ હોવાને પગલે એટલાન્ટિકા એપાર્ટમેન્ટનું પ્રકરણ દબાવી દેવામાં આવ્યું છે.

પત્રકાર પરિષદના અધ્યક્ષ સ્થાનેથી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સેવા દળના અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ દ્વારા જણાવ્યું હતું કે સૌ પ્રથમ તો રાજકોટ આવવાનું થાય ત્યારે મીડિયા જગતે રાજકોટ જનતાના જે મુદ્દા ઉઠાવવામાં સફળ બન્યું છે. મીડિયા નો અવાજને દબાવવાનું શાસકો દ્વારા જે ષડયંત્ર ચાલી રહ્યું છે તાજેતરમાં ગુજરાત સમાચાર ના બાહુબલી ૭૩ વર્ષના શાહને ધરપકડ કરી ટોર્ચર કરાવવ-ામાં આવ્યા હતા. તેમ છતાં મીડિયામાં આજે શાસકોની સામે જે રીતે અવાજ ઉઠાવવામાં આવી રહ્યો છે તે ખરેખર સરાહનીય અને અભિનંદન ને પાત્ર છે. ગેમ ઝોન ને આવતીકાલે એક વર્ષ થાય છે ત્યારે મૃતક પરિવારને પૂરતું વળતર ચૂકવવામાં સરકાર અસફળ રહી છે જ્યારે હરણીકાંડમાં મૃતકોને પરિવારોને ૩૧ લાખ અને મોરબી કાંડમાં મૃતક પરિવારોને ૨૧ લાખ કોંગ્રેસના આંદોલન પછી સરકાર ઉપર દબાણ આવતા ચૂકવવાની ફરજ પડી છે. ટીઆરપી ગેમ ઝોન મુદ્દે સરકારે મગનું નામ મરી નથી પરીવારયુ. ટીઆરપી ગેમ ઝોનના મૃતક પરિવાર સાથેની લડાઈમાં અમે સહભાગી છીએ પરિવારો બહાર આવતા ડરી રહ્યા છે. હરણની કાંડમાં મુખ્યમંત્રી સામે મહિલાએ અવાજ ઉઠાવતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે તમે એજન્ડા સાથે આવ્યા છો અરે ભાઈ મહિલાના દીકરાઓ હરણીકાંડમાં હોમાયા હોય તે માં નો કોઈ એજન્ડા ન હોય હરણીકાંડમાં રજૂઆત કરનાર આવનાર મહિલા ની ધરપકડ કરવામાં આવી હતી તે બહેનના ઘરે નોટીસો ફટકારવામાં આવી હતી સરકાર દ્વારા દબાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આજની પત્રકાર પરિષદમાં શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી ઉપસ્થિત સૌ પત્રકાર મિત્રોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો પત્રકાર પરિષદમાં આજરોજ ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલા, સંજયભાઈ અજુડીયા, મહામંત્રી ભાવેશભાઈ બોરીચા, સહિતના પ્રભારીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# કર્મજ્ઞાનના અભ્યાસ વડે ચિંતા અને તણાવને કહો હવે બાય બાયઃ ડો રાજીવ મિશ્રા

## આત્મહત્યા કરવાનું કારણ શું? કર્મજ્ઞાનનું ચિંતન કઈ રીતે 'સુસાઇડ' ને સાઇડ કરી જીવનને હસતું રમતું બનાવે છેઃ કાલે આ વિષય પર ડો મિશ્રા દ્વારા સુંદર સેમીનાર યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**



જિંદગી અનમોલ છે જેની દરેક ક્ષણ કઈ રીતે હસી ખુશીથી વિતાવી તેમજ કઈ રીતે મોજમાં રહેવું તે કર્મજ્ઞાનનો નિયમિત અભ્યાસ જ શીખવે છે આજે વિશ્વનો દરેક વ્યક્તિ કોઈને કોઈ કારણસર ચિંતા હતાસા તેમજ નિરાશા અનુભવી રહ્યો છે કારણ કે વર્તમાનનો આનંદ કઈ રીતે ઉઠાવો તેની સમજ જ નથી આ સમજ ફક્ત અને ફક્ત કર્મજ્ઞાનના અભ્યાસ વડે જ સંભવ છે સુખ અને દુઃખ એક સિક્કાની બે બાજુ છે સુખમાં વ્યક્તિ હર્ષ સાથે જીવે છે પરંતુ દુઃખ કે કોઈ વિષમ પરિસ્થિતિ આવે ત્યારે તેને કોઈ માર્ગ નહિ મળતા ગભરાય હતાશામાં ધકેલાઈ જાય છે આ હતાશા જ્યારે વધે છે ત્યારે તે ન કરવાનું કરી બેસે છે અને આત્મહત્યા કરવા તરફ પ્રેરાય છે

આ વિશે વધુ પ્રકાશ પાડતા કર્મયોગ મંદિરના સ્થાપક અને મોટીવેશન ગ્રુપ ડો.રાજીવ મિશ્રાએ જણાવ્યું હતું કે દુઃખ કે નિરાશા જેવી વસ્તુ જ આ સૃષ્ટિમાં નથી પરંતુ વ્યક્તિ ભગવાન કૃષ્ણ દ્વારા અપાયેલ સંજીવની સમાન કર્મજ્ઞાનના અભ્યાસને જાણતો ન હોવાને કારણે ડિપ્રેશનમાં ધકેલાઈ જાય છે અને આ ડિપ્રેશનને કારણે પોતાની સુંદર હસતી રમતી જિંદગીથી હાથ ધોઈ બેસે છે

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે કર્મજ્ઞાનનું ચિંતન અને નિરંતર અભ્યાસ જ વ્યક્તિને સાચો માર્ગ દેખાડે છે આ માટે રાજકોટના કર્મયોગ મંદિર, ઈવનિંગ પોસ્ટ, જુબેલી બાગ પાસે,રાજકોટ ડિસ્ટ્રિક્ટ બેંક ની બાજુમાં દર રવિવારે તેમજ બુધવારે કર્મજ્ઞાની ડો રાજીવ મિશ્રા દ્વારા કર્મજ્ઞાનના જુદા જુદા વિષય પર નિશુલ્ક વ્યાખ્યાન માળા યોજાય છે જે તેનો સમય સવારે ૭૪૦ થી ૮૨૦ દરમ્યાન છે આવતીકાલે આ કર્મજ્ઞાનની શ્રેણીમાં આત્મહત્યા કરવાનું કારણ શું? કર્મજ્ઞાનનું ચિંતન કઈ રીતે સુસાઇડને સાઇડ કરી જીવનને હસતું રમતું બનાવે છે તે વિષય પર અવિસ્મરણીય સેમીનાર યોજાશે જેમાં પધારવા કર્મયોગ મંદિર દ્વારા શહેરીજનોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે વધુ વિગત તેમજ કર્મજ્ઞાન ગ્રુપમાં નિશુલ્ક જોડાવા ડૉ. રાજીવ મિશ્રા નંબર ૮૫૧૧૮૨૯૦૦૨ પર સંપર્ક કરો.

# રાજકુમાર કોલેજમાં કો એજયુકેશન શરૂ કરાતા વિરોધનો વંટોળ



તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકુમાર કોલેજમાં આગામી સત્રથી કો એજયુકેશન શરૂ કરવાનો નિર્ણય લેવાતા તેનો વ્યાપક વિરોધ ઉઠવા પામ્યો છે. જેને લઇ આજે શહેરના ક્ષત્રિય અગ્રણીઓ હરદેવસિંહ ઝાલા, રાજભા ઝાલા સહિતના અગ્રણીઓએ આજે એક આવેદનપત્ર રાજકુમાર કોલેજના આચાર્યને સુપ્રત કરીને જણાવ્યું હતું કે, જે તે સમયે રાજકુમાર કોલેજમાં કોઇપણ વિદ્યાર્થી ભાઇ-બહેનને દાખલ કરતા સમયે એવી વાત કરાઇ હતી કે, અહીં બહેનો અને ભાઇઓ માટે અલગ-અલગ વર્ગની વ્યવસ્થા રહેશે. પરંતુ હવે રાજકુમાર કોલેજ દ્વારા આ સત્રથી ભાઇઓ-બહેનોને એક જ કલાસમાં સાથે શિક્ષણ આપવાની જાહેરાત કરાતા તેનો અમે વિરોધ કરીએ છીએ. આ અંગે ઘટતુ કરવા તેઓએ કોલેજના પ્રિન્સીપલને જણાવ્યું હતું.

# ગીર ગઢડાના કાણકિયા ગામે માન્ય ડીગ્રી વગર પ્રેકટીસ કરતા બોગસ ડોકટરને પકડી પાડતી એસ.ઓ.જી. ગીર સોમનાથ

**મુખ્ય સમાચાર, ઉના**
**અબ્દુલ પઠાણ**

નિલેશ જાજડીયા પોલીસ મહાનિરીક્ષક, જુનાગઢ વિભાગનાઓ તથા શ્રી બી. એસ.વ્યાસ, ઇન્ચાર્જ પોલીસ અધિક્ષક, ગીર સોમનાથ નાઓ ગીર સોમનાથ જીલ્લામાં અસામાજીક તત્વો તેમજ લોકોની જીંદગી સાથે ચેડા કરતા ઇસમો સામે સખત કાર્યવાહી કરવા કરેલ સુચના મુજબ,

એન.એ. વાઘેલા, ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર, એસ.ઓ.જી. ગીરસોમનાથ નાઓના માર્ગદર્શન એસ.ઓ.જી. સ્ટાફના ઇબ્રાહીમશા બાનવા, પ્રતાપસિંહ ગોહીલ એ.એસ.આઈ. તથા રણજીતસિંહ ચાવડા પો.કોન્સ. એ રીતેના પોલીસ સ્ટાફ સાથે કામગીરી સબબ ગીરગઢડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા, દરમ્યાન મળેલ સયુકત ખાનગી હકિકત આધારે મેડીકલ ઓફીસરશ્રી ડો. ઉજજ્વલભાઇ પડશાળા નાઓને સાથે રાખી કાણકિયા ગામ વિસ્તારમાં, રાજેશભાઇ બાબુભાઇ ચૌહાણ, ઉવ.૪૬ રહે. ઉના અર્જુન નગર જી.ગીરસોમનાથ, વાળો ગે.કા. રીતે માન્ય ડિગ્રી કે સર્ટી વગર



મેડીકલને લગતા સાધનો રાખી લોકોને એલોપેથીક દવા તથા સારવ-ાર આપી કિલનીક/ દવાખાનું ચલાવી લોકોની જીંદગી સાથે ચેડા કરતા હોય જેને રેઇડ દરમ્યાન જુદી જુદી એલોપેથીક દવાઓ, ઇન્જેકશન તથા બીપી માપવાનુ સાધન તથા સિરપની બોટલો તથા છુટી દવાઓ વિગેરે મેડિકલને લગત તમામ સાધન સામગ્રી તથા દવાનો જથ્થો કુલ આર્ટીકલ-૨૮ જેની કુલ કિ.રૂ.૬,૨૭૦/- ના મુદામાલ સાથે મળી આવતા ગીરગઢડા પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર કરાવી કાયદેસર કાર્યવાહી આવેલ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મેટોડાની GIDC ફેક્ટરીમાંથી રૂ.૭.૨૦ની ચોરી કરનાર આઠ ઝડપાયા

## પૂર્વ કર્મચારી સહીતના શખ્સને સીસીટીવી ફુટેજના આધારે પકડ્યા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ મેટોડા જીઆઈડીસી ખાતે આવેલ સુમો પોલીપ્લાસ્ટમાંથી રૂ. ૭.૪૨ લાખની કિંમતનું ૯૨૦ કિલોગ્રામ રો-મટીરીયલ સ્ટોરરૂમની બારીનું તાળું તોડી તસ્કરો ઉઠાવી ગયાનો બનાવ સામે આવ્યો છે.આ ઘટનામાં મેટોડા પોલિસે પૂર્વ કર્મચારી સહિત ૮ શખ્સોને ઝડપી લીધા હતા.

આ અંગેની મળતી વિગતો મુજબ,શહેરના અંબિકા ટાઉનશીપ, જીવરાજપાર્ક સ્થિત શુભમ ગ્રીન એપાર્ટમેન્ટમાં રહેતા અને મેટોડા જીઆઈડીસી ગેઈટ નંબર-૩ માં આવેલ સુમો પોલીપ્લાસ્ટ પ્રા.લી.માં ચીફ એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા ધર્મેશભાઈ અશોકભાઈ સતારા (ઉ.વ.૪૩)એ મેટોડા જીઆઈડીસી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, અમારી કંપનીમાં યુપીવીસી, સૈપીવીસી, એગ્રીકલ્ચર પાઈપ ફીટીંગ્સ મેન્યુફેક્ચરીંગનું કામ કરીએ છીએ. અમારી કંપના પ્લાન હેડ તરીકે અણુકુમાર નરશીંગનારાયણ મિશ્રા નોકરી કરે છે. તથા કંપનીના સ્ટોર રૂમમાં સ્ટોર ઈન્ચાર્જ તરીકે આકાશ ગૌર અને આકાશ યાદવ તથા ડેટા એન્ટ્રી માટે રામ ખુંટી છે. ગઈ તા.૨૪/૦૪ના રોજ સવારે નવ વાગ્યે અમારી કંપનીએ નોકરી ઉપર આવેલ ત્યારે અમારા કંપનીના સ્ટોર ઈન્ચાર્જ આકાશ યાદવએ મને જણાવેલ કે, હું ગઈ કાલ તા.૨૩/૦૪ ના રાત્રીના આઠ વાગ્યે સ્ટાર રૂમના શટરને તાળુ મારીને ઘરે ગયેલ હતો અને તા. ૨૪/૦૪ ના સવારના છ વાગ્યે નોકરી ઉપર આવી અને સ્ટોર રૂમમાં માલ સામાન લેવા માટે ગયેલ ત્યારે સ્ટોર રૂમના શટરનું તાળુ તુટેલ હતુ. જેથી મે સ્ટોર રૂમમાં જઈ ચેક કરતા બ્રાસ પાઈપ ફીટીંગનું રો મટીરીયલ્સની અલગ અલગ ૨૩ બેગીઓ જેમા એક બેગીમાં ૪૦ કીલો એમ કુલ ૯૨૦ કીલો બ્રાસ પાઈપ ફીટીંગના રોમટીરીયલ જેની કિંમત રૂ. ૭,૪૨,૪૪૦ મળી આવેલ ન હતું. આ મામલામાં ચીફ એકાઉન્ટન્ટે ફરિયાદ નોંધાવતા મેટોડા જીઆઈડીસી પોલીસે અજાણ્યા તસ્કર સામે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે અશ્વીન ખીમજીભાઈ ઝાલા, ગોપાલ હીરાભાઇ ચૌહાણ, રામ માનસમની મીશ્રા, દેવીદાસ જીણારામ રામદેપોત્રા, ધર્મેન્દ્ર ભીખાભાઇ રાઠોડ, પૃથ્વી મહેશભાઈ ચૌહાણ, ઉપેન્દ્ર મહેન્દ્રભાઈ ગણાત્રા અને સુરેશ ઉકાભાઈ અકબરીને ઝડપી લેવામા આવ્યા હતા . પોલીસે આરોપીઓ પાસેથી એક રીક્ષા સહીત રૂ. ૮.૪૨ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો.

આ બનાવમા ગોપાલ ચૌહાણ અગાઉ અમરેલીનાં ખાંભા જીલ્લામા પ્રોહીબીશન એકટનાં ગુના સહીત ૩ ગુનામા પોલીસ ચોપડે ચડી ચુક્યો છે તેમજ પોલીસે પાસેથી જે માહીતી મળી હતી તે આરોપી સુરેશ અકબરીએ આ ચોરાઉ મુદામાલ ખરીદ કરી પોતાની ગુરુકૃપા મેટલ કાસ્ટ નામની ભઠ્ઠીમા ઓગાળી ઢાળીયા બનાવી નાખ્યા હતા આરોપીમા એક શખસ કંપનીનો પુર્વ કર્મચારી હોવાનુ જાણવા મળ્યુ છે.

# રાજકોટ જિલ્લા સ્કૂલ - કોલેજ પાસે તમાકુ, ડ્રગ્સ વેચાણ કરનાર સામે કડક પગલા ભરવા હુકમ કરતા કલેક્ટર

## નાગરીકોને 'સે નો ટુ ડ્રગ્સ'ના શપથ લેવડાવાયા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા કક્ષાની નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક જિલ્લા કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે મળી હતી. જેમાં કલેકટર પ્રભવ જોશીએ કલેકટરએ વિવિધ વિભાગ દ્વારા ડ્રગ્સ વિરોધી કરેલી કામગીરીની સમીક્ષા હાથ ધરી આવનારા દિવસોમાં ડ્રગ્સ, નશીલી દવાઓ તેમજ શાળા આસપાસ તમાકુનું વેચાણકર્તા વેપારીઓ પર સખ્ત હાથે કામગીરી કરવા સૂચના આપી હતી.

કલેકટરએ જે લોકો આ દુષણનો શિકાર બન્યા હોય તેઓ માટે વ્યસનમુક્તિકેન્દ્રનો ખાસ પ્રચાર પ્રસાર કરવા પણ સૂચના આપી હતી. અધિકારીઓને ડ્રગ્સ વિરોધી કામગીરી, જેમાં ડ્રગ્સના દૂષણને નાથવા યુવાનોમાં જાગૃતિ કેળવવા પર ખાસ ભાર મુકાયો હતો. આ સાથે જાગૃતિ ઝુંબેશ વધારવા તથા સરકારી કાર્યક્રમોમાં ઉપસ્થિત નાગરિકો, યુવાનોને 'સે નો ટુ ડ્રગ્સ'ના શપથ લેવડાવવા નિર્દેશ આપવામાં આવ્યા હતા.

જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ આ બેઠકમાં જણાવ્યું હતું કે, શાળા-કોલેજ નજીક તમાકુ, સિગારેટ કે ડ્રગ્સનું વેચાણ ન જ થવું જોઈએ. તેમણે આવા વિતરકો પર દરોડા વધારવા સૂચના આપી હતી. ડ્રગ્સના દૂષણને સમાજમાંથી નાબૂદ કરવા સરકાર પણ ખાસ ભાર મુકી રહી છે, ત્યારે લોકોમાં તેમજ યુવાનોમાં વધુ જાગૃતિ લાવવા માટે નશાબંધી ખાતાને જનજાગૃતિ ઝુંબેશનું પ્રમાણ વધારવા તેમણે જણાવ્યું હતું. એટલું જ નહીં, સરકારી કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં તમામ સમાજના લોકો જોડાતા હોય છે, ત્યારે આવા કાર્યક્રમોમાં પણ નશો-ડ્રગ્સથી દૂર રહેવાના શપથ લેવડાવવા પણ પ્રાંત અધિકારીઓને નિર્દેશ અપાયા હતા.

રાજકોટ જિલ્લામાં અવાવરુ જગ્યાઓ તેમજ ડેમો આસપાસની ખાલી જગ્યામાં છુપાઈને થતું ગાંજા તેમજ અફીણનું વાવેતર શોધી કાઢવા માટે તેમજ મેડિકલ સ્ટોરમાં પ્રિસ્ક્રિપ્શન વિના વેચાતા નશીલા સીરપના વેચાણ પર સઘન નિરીક્ષણ રાખી પરિણામલક્ષી કામગીરી કરવા તેમણે સૂચના આપી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયા, રાજકોટ ઝોન-૨ ડી.સી.પી.જગદીશ બંગરવા, નિવાસી અધિક કલેક્ટરએ.કે. ગૌતમ, આસિસ્ટન્ટ કલેકટર મહેક જૈન, પ્રાંત અધિકારીઓ સર્વે વિમલ ચક્રવર્તી, આર.આર. ખાંભરા, રાહુલ ગમારા, નાગાજણ તરખાલા, પ્રિયંક ગલચર, એસ.ઓ.જી.ના અધિકારીઓ, ફૂડ એન્ડ ડ્રગ વિભાગ, ફોરેન્સિક વિભાગ વગેરે વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ-અમદાવાદ હાઇ-વે પર SMCના દરોડા ૧.૩૧ કરોડનો દારૂ પકડયો

## કચ્છ જતા દારૂના જથ્થા સાથે બે શખ્સની ધરપકડ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-અમદાવાદ હાઈવે પર બુટભવાની પેટ્રોલ પંપ નજીક સુરેન્દ્રનગરનાં વસ્તડી ગામ પાસે આવેલી દર્શન હોટલ પાસે એક ટેન્કરમા દારૂનો જથ્થો ભર્યો હોવાની બાતમીનાં આધારે ગાંધીનગરની એસએમસીની ટીમે દરોડો પાડી ટેન્કરમાથી કુલ રૂ. ૧.૩૧ કરોડની ૨૪૬૩૦ જેટલી બોટલ કબજે કરવામા આવી હતી. દારૂનાં જથ્થા સાથે બે રાજસ્થાનીને પકડી લેવામા આવ્યા છે અને આ દારૂનો જથ્થો પંજાબથી કચ્છ-મુન્દ્રા તરફ જતો હોવાનુ પકડાયેલા બંને શખસોએ કબુલ્યુ હતુ. આ અંગેની વિગતો મુજબ સ્ટેટ મોનીટરીંગ સેલનાં ડીવાયએસપી કે. ટી. કામરીયાનાં માર્ગદર્શન હેઠળ એસએમસીનાં પીએસઆઈ ડી. પી. ભાટી સહીતનો સ્ટાફ રાજકોટ-અમદાવાદ હાઈવે પર પેટ્રોલીંગમા હતો ત્યારે ચોકકસ બાતમી મળી કે સુરેન્દ્રનગરનાં વસ્તડી ગામ નજીક આવેલી દર્શન હોટલ પાસે ઉભેલા એક ટેન્કરમા દારૂનો મોટો જથ્થો છે અને આ ટેન્કર કચ્છ તરફ જવાની છે.

જેથી પીએસઆઈ ભાટી અને તેમની ટીમે ટેન્કરને અટકાવી તેમા તલાસી લેતા ટેન્કરમાથી અલગ અલગ દારૂની બોટલ અને ટીન રૂ.૧.૩૧ કરોડની બોટલ ૨૪૬૩૦ કબજે કરવામા આવી હતી. જયારે આ ટેન્કર સાથે પકડાયેલા શખસોનાં નામ પુછ્તા બંને શખસ રાજસ્થાનનાં રહેવાસી હોવાનુ અને બંનેનાં નામ ચિત્રરામ નારાયણરામ જાટ (ચૌધરી) અને મુળ ભોગજી તા. બૈતુ જી. બાડમેર અને મંગીલાલ તેજારામ શાહુ (ચૌધરી) રહે. બેનીવાલોની ધાની, તા. બૈતુ, જી. બાડમેર, રાજસ્થાન હોવાનુ જણાવ્યુ હતુ. જયારે બંનેની પુછપરછ દરમ્યાન દારૂનો જથ્થો પંજાબથી અનીલ પંડયા નામના શખસે દારૂનો જથ્થો મોકલ્યો હતો અને આ દારૂનો જથ્થો કચ્છનાં મુન્દ્રા ખાતે લઈ જવાનો હતો. હાલ અનીલ પંડયા સહીત ત્રણ વ્યકિતને વોન્ટેડ જાહેર કરવામા આવ્યા છે.

# મવડીમાં સરકારી જગ્યામાં દુકાન ચણી ભાડે ચડાવી દીધી : દબાણ દુર કરાયું





## અંબિકા ટાઉનશિપ મેઈન રોડ પરના એપાર્ટમેન્ટનું ગજબ કારસ્તાનઃ બે વર્ષથી દુકાનનું ભાડું એપાર્ટમેન્ટના એસો.માં જમા થતું હતું, મહાપાલિકાએ દુકાન પર ફેરવ્યું બૂલડોઝર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વોર્ડ નં.૧૧ના મવડીમાં આવેલી અંબિકા ટાઉનશિપ મેઈન રોડ પર ખડકાયેલું હતું.

અહીં આવેલા વસંત વાટિકા એપાર્ટમેન્ટના એસોસિએશન દ્વારા મહાપાલિકાની જગ્યામાં બે વર્ષથી મોટી દુકાન બનાવીને તેને ભાડે ચડાવી દેવામાં આવી હોવાનું ખુલતાં તેને એક વખત નોટિસ ફટકારાઈ હતી પરંતુ દબાણ દૂર કરવાની કાર્યવાહી ન કરવામાં આવતાં આખરે તંત્રએ બૂલડોઝર ફેરવી ૧૫૦ ચો.મી. જગ્યા ખુલ્લી કરાવી હતી. આ દુકાનનું બે વર્ષથી જે પણ ભાડું આવતું તે એપાર્ટમેન્ટ દ્વારા બનાવવામાં આવેલા એસોસિએશનમાં જમા કરવામાં આવતું હતું. આ ઉપરાંત ઈસ્ટ ઝોન ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા વોર્ડ નં.૫માં માલધારી સોસાયટીમાં ખડકાયેલી પાંચ દુકાન અને એક

# એનડીપીએસના કેસમાં ઝડપાયેલા રૂ.૧૯.૮૫ લાખના માદક પદાર્થનો નાશ કરાયો

## જુદા જુદા ૩૪ કેસમાં મળેલા નશીલા પદાર્થને ભચાઉના જૂના કટારિયા ગામે કંપનીની ભઠ્ઠીમાં ફેકીં દીધો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ૩૪ કેસમાં ઝડપાયેલા જુદા જુદા માદક પદાર્થોનો નાશ કરી મુદ્દામાલનો રાજકોટ શહેર ડ્રગ્સ ડીસ્પોઝલ કમિટિ દ્વારા નાશ કરવામાં આવ્યો છે.

રાજકોટ શહેરના પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા અને અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયા દ્વારા રાજકોટ શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલા એન.ડી.પી.એસ.ના કે સોના મુદ્દામાલનો નિકાલ કરવા ડ્રગ્સ ડિસ્પોઝલ કમિટિની રચના કરેલ હોય જેમાં અધ્યક્ષ તરીકે સજનસિંહ પરમાર (નાયબ પોલીસ કમિશનર ઝોન-૧ રાજકોટ) સભ્ય તરીકે બી.બી. બસિયા (મદદનીશ પોલીસ કમિશનર ક્રાઈમબ્રાંચ રાજકોટ શહેર) અને

એસ.એમ. જાડેજા (પો. ઈન્સબ. એસ.ઓ.જી. શાખા રાજકોટ) રચના કરી અને નાર્કોટીક્સના મુદ્દમાલનો નિકાલ કરવાની ઝુંબેશ હાથ ધરવા સુચના કરી માર્ગદર્શન પુરુ પાડેલ હોય જે અનુસંધાને તા. ૨૩ના રોજ મે. રાષ્ટ્ર એન્વાયરો પ્રોજેક્ટ પ્રા.લી. જૂના કટારિયા ગામ તા. ભચાઉ જી. કચ્છ (ભૂજ) ખાતે શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનના એન.ડી.પી.એસ.

એક્ટ હેઠળના કુલ ૩૪ ગુનાઓમાં મળેલા માદક પદાર્થોનો ભઠ્ઠીમાં નાખી નાશ કરવામાં આવેલ છે. જેમાં ગાંજો ૩૧.૦૪૨ ગ્રામ રૂા. ૨.૬૧.૨૩૮, બ્રાઉન સુગર ૧૬૦.૪૯ ગ્રામ રૂા. ૧૫,૯૦,૨૬૬, કફ સીરપની બોટલો ૯૭ રૂા. ૯,૭૦૦, ચરસ ૫૮૬.૧૨ ગ્રામ રૂા. ૧૦,૯૨૦, મેફેડ્રોન ૧૧.૨૬ ગ્રામ રૂા. ૧,૧૨,૬૦૦, ભાંગ ૫૫૦ ગ્રામ રૂા. ૫૦૦ અને પોસડોડા ૧.૧૦૦ ગ્રામ ૧૩૨નો સમાવેશ થાય છે.

# શહેરમાં પખવાડીયામાં ૧૫ મોબાઈલ ચીલ ઝડપ કરનાર ઝડપાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં એક પખવાડીયા માં ફોનની લૂંટ ચલાવી અજાણ્યો શખ્સ ફરાર થતા તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.આ ગુનાનો ભેદ તાલુકા પોલીસે ઉકેલી લીધો છે અને એક શખ્સને પકડી લેતા પાંચ મોબાઈલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો છે.મોબાઈલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલવા ઉચ્ચ અધિકારીઓની સુચના અન્વયે સર્વેલન્સ સ્કોર્ડના પીએસઆઈ એમ.એચ. મહારાજ, જમાદાર બલભદ્રસિંહ સુરૂભા જાડેજા, કુલદીપસિંહ જાડેજા, મયુરસિંહ જાડેજા, શિવભદ્રસિંહ ગોહિલ, હરપાલસિંહ જાડેજા અને જયપાલસિંહ સરવૈયા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે ઉપરોકત સ્થળેથી ફોનની ચીલઝડપ કરનાર ન્યુરીંગ રોડ કરણ અર્જુન પાર્ટી પ્લોટ નજીક બાઈક લઈ ઉભો હોવાની બાતમી આધારે સ્ટાફે બાતમીવાળા સ્થળે જઈ શંકાસ્પદ ઉભેલ શખ્સને પોતાનું નામઠામ પુછતા પોતે બાલાજી હોલ પાસે આરએમસી કવાર્ટરમાં રહેતો વનરાજ ઉર્ફે ટકો રવજીભાઈ હાડા જણાવ્યું હતું. પોલીસે તેની ઝડતી લેતા વિવિધ કંપનીના ૬ ફોન તથા રોકડ રૂ.૬૫૦૦ મળી આવતા પોલીસે રૂ. ૮૦,૫૦૦નો મુદામાલ કબજે કર્યો હતો. આરોપીની પ્રાથમિક પુછતાછમાં ૧૫ દિવસમાં વિવિધ સ્થળેથી લોકોના ફોન ઝુંટવી ચોરી કરી હોવાની કબુલાત આપી હતી.

# અમદાવાદમાં STમાં નોકરી અપાવી દેવાની લાલચ આપી પૈસા પડાવતી બેલડી પકડાઇ

## એક આરોપીના પુત્રને આંચકીની બીમારી તો બીજાની માતા-પત્નીને મણકાની બીમારી હોય ખર્ચ કાઢવા છેતરપિંડીના રવાડે ચડી ગયા'તા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**




અમદાવાદના મણિનગર ખોખરા અને વટવા જીઆઈડીસી વિસ્તારમાં રહેતાં યુવકને એસ. ટી. વિભાગમાં સિનિયર ક્લાર્કની નોકરી અપાવી દેવાની લાલચ આપી ૯૭૨૦૦ રૂપિયા પડાવ્યા બાદ સિનિયર ક્લાર્ક તરીકે ખોટા સહી-સિક્કા કરી, નિમણૂક લેટર આપનાર બેલડીને વટવા જીઆઈડીસી પોલીસ મથક દ્વારા પકડી પાડવામાં આવી હતી.

આ અંગેની ફરિયાદ નોંધાતાં જ અમદાવાદ સેક્ટર-૨ના અધિક પોલીસ કમિશનર જયપાલસિંહ રાઠોડ, ડીસીપી ઝોન-૬ રવિ મોહન સૈની દ્વારા આરોપીઓને તાત્કાલિક દબોચી લેવા માટે સુચના આપવામાં આવતાં જ અમદાવાદ શહેર જે-ડિવિઝન એસીપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ વટવા જીઆઈડીસી પોલીસ મથકના પીઆઈ આર.એમ.પરમાર, હેડ કોન્સ્ટેબલ પરબતસિંહ, કોન્સ્ટેબલ વિજયસિંહ સહિતની ટીમ દ્વારા નિલેશ ખુશાલભાઈ રોહિત (ઉ.વ.૨૬, રહે. બોરસદ) અને આશિષ વિઠ્ઠલભાઈ મસીહી (ઉ.વ.૩૯, રહે.વટવા)ની ધરપકડ કરવામાં આવી હતી. આ બન્નેની આગવી ઢબે પૂછપરછ કરવામાં આવતાં આશિષે કહ્યું હતું કે તે સીસીટીવી કેમેરાનું કામ કરતો હોય ફરિયાદી ગૌરાંગ રોહિતભાઈ ગદ્દરની ફેક્ટરીમાં કામ કરવા આવતો હતો.

આ પછી ગૌરાંગ સાથે તેની ઓળખ થઈ જતાં અન્ય આરોપી નિલેશ રોહિત સાથે મળીને ગૌરાંગને પૈસા આપો તો એસ. ટી.વિભાગમાં સિનિયર ક્લાર્કની નોકરીનું સેટિંગ કરાવી આપશે તેવી લાલચ આપી ૯૭૨૦૦ રૂપિયા લીધા હતા. નિલેશ અને આશિષની ઓળખાણ કર્ણાટકમાં થઈ હોવાની કબૂલાત આપી હતી. આ બન્ને પાસેથી એસ. ટી. અધિકારીઓના બનાવટી સહી-સીક્કા સહિતનું સાહિત્ય પણ મળી આવ્યું હતું.

વધુ તપાસ કરાતાં એવો ખુલાસો થયો હતો મકર્યો છે. અગાઉ તે નંદેસરી જીઆઈડીસી-વડોદરા અને ૨૦૧૨માં વડોદરા એસ.ટી. ખાતે જીપીએસ ફિટિંગનું કામ કરતો હતો. તેના પુત્રને ખેંચની બીમારી હોય ઓપરેશન માટે સાડા ચાર લાખ રૂપિયાની જરૂર હતી. જો કે તેણે પ્રેમલગ્ન કર્યા હોવાથી સગા-સંબંધી પાસેથી પૈસા માંગી શકે તેવી સ્થિતિ નથી એટલા માટે તેણે આશિપ ક્રિશ્નિનને કમિશનની લાલચ આપી અંદાજે દસથી પંદર લોકોને ભૂતકાળમાં એસ.ટી.માં નોકરી કરી હોય તેના અનુભવના આધારે આ કારસ્તાન શરૂ કર્યું હતું. વળી, આશિષની માતા અને પત્નીને મણકાની બિમારી હોય તેની સારવાર પાછળ આ પ્રકારે છેતરપિંડી આચર્યા બાદ મળેલા કમિશનમાંથી ત્રણેક લાખનો ખર્ચ કર્યો હોવાની કબૂલાત આપી હતી.

# રાજકોટ સહિત રાજ્યભરના ૨૪ મામલતદારની બદલી કરાઈ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત રાજયના ૨૪ મામલતદારોની રાજય સરકારના મહેસુલ વિભાગ દ્વારા બદલી કરવામાં આવી છે. જેમાં રાજકોટ પૂર્વના મામલતદાર શૈલેષભાઈ ચાવડાને એડીશનલ ચીટનીશ તરીકે ખેડા મૂકવામાં આવેલ છે.

તેમજ પોરબંદર ખાતે પબ્લીક રીલેશન ઓફિસર તરીકે ફરજ બજાવતા મીરાબેન જાનીને રાજકોટ ખાતે ડીઝાસ્ટર મામલતદાર તરીકે નિમણુંક કરવામાં આવી છે. આવે જ રીતે જુનાગઢ પબ્લીક રીલેશન ઓફીસર તરીકે ફરજ બજાવતા આલોક મકવાણાને અમરેલી ડીઝાસ્ટર મામલતદાર તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.

જયારે અમરેલી ખાતે ઈલેકશન વિભાગમાં ફરજ બજાવતા એમ.કે. મિશ્રાને પંચમહાલ ખાતે ડીઝાસ્ટર મામલતદારનો હવાલો સોપવામાં આવેલ છે. તેમજ મોરબી ઈલેક્શન વિભાગમાં મામલતદાર તરીકે ફરજ બજાવતા મધુસુદાન પરમારની કચ્છ, અમરેલી ડીઝાસ્ટર વિભાગમાં ફરજ બજાવતા વી.પી. ગઢવીની દેવભૂમિ દ્વારકા ભાવનગર ખાતે પબ્લીક રીલેશન ઓફીસર તરીકે ફરજ બજાવતા અશ્વિનભાઈ કુબાવતની ભાવનગર મામલતદાર તરીકે બદલી કરવામાં આવી છે. આમ કુલ રાજયના ૨૪ મામલતદારોની બદલીના ઓર્ડરો રાજય સરકારના મહેસુલ વિભાગના જોઈન્ટ સેક્રેટરી સચીન પટવર્ધન દ્વારા ઈશ્યુ કરવામાં આવેલ છે.

# રાજસ્થાનથી સેલ્ફ ડ્રાઈવમાં કાર પડાવી લેનાર બેલડી રાજકોટથી ઝડપાઇ

## જયપુરમાં ગુનો નોંધાતા ક્રાઈમ બ્રાંચે કરી કાર્યવાહી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજસ્થાનના જયપુરમાંથી બોગસ ડોક્યુમેન્ટના આધારે સેલ્ફ ડ્રાઈવમાં કાર મેળવી લઈ રાજકોટ લઈ આવી છેતરપિંડી કરનાર બે આરોપીને ક્રાઈમ બ્રાંચે કાર સાથે પકડી લઈ પુછપરછ શરૂ કરી છે. ધરપકડ કરાયેલામાં વિનશ ઉર્ફે બટ્ટો દિલીપભાઈ ભગત (ઉ.વ.૨૭, રહે. હુડકો કવાર્ટર, કોઠારીયા રોડ) અને લકીરાજસિંહ પ્રદ્યુમનસિંહ ઝાલા (ઉ.વ.૨૨, રહે. આશાપુરા શેરી નં.૯, હુડકો, કોઠારીયા રોડ)નો સમાવેશ થાય છે.ક્રાઈમ બ્રાંચે જામનગર રોડ પર સ્થિત ભુતનાથ મહાદેવ મંદિર નજીકથી નંબર પ્લેટ વગરની કાર સાથે બંને આરોપીને પકડી પૂછપરછ કરતા આ કાર સેલ્ફ ડ્રાઈવ માટે ભાડે લઈ પરત નહીં આપી છેતરપિંડી કરી હોવાની કેફીયત આપી હતી.

પોલીસે જણાવ્યું કે, આરોપી વિનસ ભગત અગાઉ દારૂ સહિત બે ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે. આશરે બે માસ પહેલા આરોપીઓ રાજસ્થાનના જયપુર ગયા હતા. જયાં વિનસે તેના મિત્ર કિશુ મારફતે આરોપી લકીરાજનાં નામના બોગસ ડોક્યુમેન્ટ બનાવી તેના આધારે સેલ્ફ ડ્રાઈવમાં કાર ભાડેથી લઈ રાજકોટ લઈ આવ્યા હતા. ત્યારથી બને આ કારનો ઉપયોગ કરતા હતા. આ મામલે જયપુર સિટીના શિવદાસપુરા પોલીસ મથકમાં ગુનો દાખલ કરાર્યો હતો.

આ કામગીરીમાં પીઆઈ એમ.આર. ગોંડલીયા, એમ.એલ. ડામોર, સી.એચ. જાદવ, પીએસઆઈ વી.ડી. ડોડીયા, હેડકોન્સ્ટેબલ દિપક ભાઈ ચૌહાણ, જયરાજભાઈ કોટિલા અને વિશાલભાઈ દવે સહિતના સ્ટાફે કરી હતી.

# જીલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને લેન્ડગ્રેબીંગ કમિટીની બેઠકમાં ૯૨ કેસોની સુનાવણીઃ ૨ કેસમાં એફઆઈઆર

## શહેરના બે કેસમાં ફરિયાદ નોંધવા આદેશઃ૬૨ કેસ ડ્રોપ, ૨૬ કેસમાં સમાધાન, ૨ કેસ પેન્ડિંગ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જીલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને યોજાયેલ લેન્ડ ગ્રેબિગ કમિટીની બેઠકમાં ૯૨ કેસોની સુનાવણી હાથ ધરવામાં આવ્યા બાદ રાજકોટ શહેરના બે કેસમાં ફોજદારી ફરિયાદ નોંધાવવા નિર્ણય લેવામાં આવ્યો હતો.

લેન્ડ ગ્રેબિગ કમિટી સમક્ષ મુકાયેલા કુલ ૯૨ કેસમાંથી ૨૬ કેસમાં બન્ને પક્ષ વચ્ચે સમાધાન થયું હતું જયારે ૬૫ કેસને પડતા મુકવામાં આવ્યા હતા.

રાજ્યમાં લેન્ડગ્રેબિગ કાર્યવાહી માટે અલાયદું મહેકમ મંજુર કરવામાં આવ્યું છે જિલ્લા કલેકટર પ્રભવ જોષીના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી ખાતે યોજાયેલ લેન્ડ ગ્રેબિગ કમિટીની બેઠકમાં કુલ ૯૨ કેસની સુનાવણી કરવામાં આવી હતી.

જેમાં રાજકોટ શહેરના ૨ કેસમાં એફઆરઆઈ નોંધવા નિર્ણય કરવામાં આવ્યો હતો

તેમજ ૬૨ કેસ પડતા મુકવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૨૬ કેસમાં બન્ને પક્ષોએ સમાધાન કરી લીધું હોવાનું તેમજ બે કેસ પેન્ડિંગ રાખવામાં આવ્યા હોવાનું સત્તાવાર સૂત્રોએ જાહેર કર્યું હતું.

# ભક્તિનગર સ્ટેશન અને જંકશન વચ્ચે રેલવેનો ઈલેકટ્રીક તાર તૂટતા માલગાડી ૨૦ મિનિટ સુધી ઉભી રહેતા એરપોર્ટ ફાટક, અંડરબ્રિજ પર ટ્રાફિકજામ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



ભક્તિનગર રેલવે સ્ટેશન તરફથી જંકસન તરફ જતી માલગાડી અચાનક એરપોર્ટ ફાટક અને ભોમેશ્વર ફાટક પાસે ઉભી રહી જતા વાહન ચાલકો અકળાયા હતા અને રાહદારીઓ ટ્રેનની વચ્ચેથી જ ચાલવા લાગયા હતા. પરંતુ ૨૦ મિનિટની જહેમત બાદ ફરી એકવાર ટ્રેન રવાના થતા વાહન ચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

રાજકોટના ટ્રાફિકથી ભરચક વિસ્તાર એવા એરપોર્ટ ફાટક પર રાત્રીના ૮ વાગ્યાની આસપાસ ત્યાથી પસાર થતી માલગાડી એકાએક ઉભી રહી ગઈ હતી. જેના કારણે એરપોર્ટ ફાટક પર ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો. જયા કેટલા સમયથી રાહ જોઈને ઉભેલા રાહદારીઓ ટ્રેનના બે ડબ્બા વચ્ચેથી નિકળવા 'ગ્યા હતા તો વાહન ચાલકો અંતે આગળ આમપાલી અંડરબ્રિજ અને મહિલા કોલેજ અંડર બિજ પરથી રવાના થવા માટે નિકળી પડયા હતા. પરંતુ બંને દિશામાંથી આવી જ સ્થિતી સર્જાતા બંને અંડરબ્રિજમાં પણ ભારે ટ્રાફિકજામ થઈ ગયો હતો. માલગાડી ઉભી રહી જવાની બાબતે રેલવેના સુત્રોના જણાવ્યા મુજબ રાત્રીના ૮ વાગ્યાની આસપાસ ભક્તિનગર સ્ટેશનથી જંકસન વચ્ચે રેલવેના ઈલેકટ્રીક તાર પર ડાળખી પડતા તાર તૂટી ગયો હતો. રેલવે કર્મચારીઓએ તુરંત તાર જ્યા તૂટયો હતો તે સ્પોટ ગોતી ફરીથી તાર જોડી દેતા અંતે ૮:૨૦ વાગ્યે ટ્રેન રવાના થઈ હતી. આખરે ટ્રેન નિકળતા ફાટક ખુલી હતી અને વાહન ચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો.